પાંચ પ્રેમકથા.

ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

પાંચ પ્રેમકથા.

લેખક,

ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા,

બી. એ., એલએલ. બી.,

વકિલ, હાઈકોર્ટ, મુંબાઈ.

પ્રકાશક,

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કમ્પની,

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ,

પ્રિન્સેસસ્ટ્રીટ, મુંબાઈ.

૧૯૧૬.

મૂલ્ય, રૂ. ૦-૬-૦

રા. કાશીનાથ રઘુનાથ મિત્રે મનોરંજન મુદ્રાલય, ૧, ગિરગામ રોડ, મુંબઈમાં
મેસર્સ એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કમ્પની માટે છાપ્યું.

પ્રસ્તાવના.

આ ન્હાનકડા અને નમ્ર કથાસંગ્રહને ગુજરાતના વાચક વર્ગ સમક્ષ રજુ કરતાં એક અગત્યનો ખુલાસો કરવાની મ્હને જરૂર લાગે છે. તે ખુલાસો આ છે. આ સંગ્રહનું નામ 'પ્રેમકથા' બુદ્ધિપૂર્વક—અને જરા વધારે ચોકસાઈથી કહું તો આગ્રહપૂર્વક—રાખવામાં આવ્યું છે. મનુષ્યની માફક શબ્દોનાં પણ પ્રારબ્ધ હોય છે. "પ્રેમ" એ શબ્દ માનવ હૃદયના અતિશય પવિત્ર અને અતિશય ઉન્નત ભાવનો વાહક છે, અને તે જ અર્થમાં ત્હેનો પ્રયોગ થવો જોઈતો હતો; પરન્તુ તે શબ્દના દુર્ભાગ્યે—અને હું ધારૂં છું કે ગુજરાતના દુર્ભાગ્યે—તે શબ્દ સાહિત્યમાં તેમ જ સામાન્ય વ્યવહારમાં એવી રીતે યોજાયો છે અને યોજાય છે કે નીતિપ્રિય અને આબરૂદાર માણસો તે શબ્દનો પ્રયોગ કરતાં સંકોચાય છે. મ્હને મ્હારા એક વિદ્વાન્ હિતૈષી તરફથી સૂચના કરવામાં આવી હતી કે સર્વાંશે પથ્ય એવા વાતાવરણવાળી મ્હારી આ કથાઓ આબરૂદાર કુટુમ્બોમાં વિનાસંકોચે વંચાય તે માટે પુસ્તકના શીર્ષકમાંથી 'પ્રેમ' એ શબ્દ લઈ લેવાય તો ઠીક. આપણા ગુજરાતી સાહિત્યમાં "સ્થૂલ પ્રેમ અને સૂક્ષ્મ પ્રેમ", "શારીરિક પ્રેમ અને માનસિક પ્રેમ", "ભાવપ્રધાન શૃંગાર અને ભોગપ્રધાન શૃંગાર", "કામ અને પ્રેમ," ઈત્યાદિ ભેદોપભેદ દર્શાવવાના પ્રયાસ કરનારી શબ્દસામગ્રી ઉભી થઈ છે તે "પ્રેમ" શબ્દનો વિવેકહીન સ્વેચ્છાનુસાર પ્રયોગ થવાથી જ. "પ્રેમમાં શારીરિક તત્ત્વનું સ્થાન" એ મહત્ત્વના વિષય વિષે મીમાંસા કરવાનું આ સ્થાન નથી; પરન્તુ એટલું સ્પષ્ટીકરણ અત્યંત આવશ્યક છે કે આ કથાઓમાં "પ્રેમ" શબ્દ જે ભાવ માટે યોજવામાં આવ્યો છે તે એક બાજુથી પથ્ય અને સમર્યાદ છે, અને બીજી બાજુથી માનવ પ્રકૃતિને આવશ્યક શારીરિક તત્ત્વોથી યોગ્ય અંશમાં યુક્ત તેમ જ ન્હાનામાં ન્હાના નિત્ય કર્મથી માંડી મ્હોટામાં મ્હોટા નૈમિત્તિક અનુભવોનો સમાવેશ કરે એવો વ્યાવહારિક છે. નથી ત્હેમાં શારીરિક તત્ત્વોનો એવો અતિયોગ કે દુરુપયોગ કે જે "પ્રેમ"ને પશુત્વની અધમ કોટિએ ઉતારી પાડે છે કે નથી ત્હેમાં શારીરિક તત્ત્વોનો એવો

પ્રસ્તાવના.

સર્વાંશે અભાવ કે જે "પ્રેમ"ને કેવલ વ્યોમવિહારી દેવત્વની કોટિએ ચ્હડાવી દે છે. આ પ્રેમકથાઓનો પ્રેમ ઉન્નત મનુષ્યત્વની કોટિનો છે.

આ પાંચ કથાઓમાંથી "પ્રેમનો અખંડ પ્રદીપ" અને "વ્હાલ કે વ્યવસ્થા ?"—એ બે કથાઓ "બે પ્રેમકથા" એ નામથી મ્હારા વિદ્વાન્ મિત્ર રા. નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકરની "વિચારપુષ્પમાલા"માં; "એને જગાડું કે જાતે હીંદોળું ?"—એ કથા ગુજરાતી સાપ્તાહિકના દીવાળીના ખાસ અંકમાં; "સુધા" એ કથા "જ્ઞાતિપત્રવાર્ષિક"ના ખાસ અંકમાં; અને "મિલન" એ "હિન્દુસ્તાન"ના ખાસ અંકમાં પ્રકટ થઈ હતી. પ્રથમ ત્રણ કથાઓ સ્વરચિત છે, અને છેલ્લી બે કથાઓ હિન્દી ઉપરથી અનુવાદ છે. એ પાંચે કથાઓને એકત્ર કરી સંગ્રહનું સ્થાયી સ્વરૂપ આપવાની મ્હારી આ પ્રવૃત્તિની કદર ગુજરાતી વાચકવર્ગ કરશે એવી મ્હને આશા છે.

અન્તમાં એક ઉપકારશબ્દ. આ સંગ્રહને પ્રકટ કરવામાં મેશર્સ એન. એમ. ત્રિપાઠીની કમ્પનીએ જે અનુકૂલતા કરી આપી છે તે માટે હું તેઓનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

આઇનાબાગ, ગિરગામ,
મુંબાઇ, તા. ૧૭-૯-૧૯૧૬. } ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા.

અર્પણ.

(અનુષ્ટુપ્)

વ્હાલી વસન્ત ! અર્પું છું પ્રેમાર્દ્ર હૃદયે ત્હને,
નમ્ર "પ્રેમકથાઓ" આ પ્રેરેલી પ્રેમજીવને.

પ્રભુ પાસે ગઈ છે તો કરજે પ્રેમની કૃતિ,
ભારતવર્ષતણાં ત્હારાં ભાંડુ પ્રેમભૂખ્યાં વતી.

આત્મન્ પ્રેમમય ! પ્રાર્થ પ્રેમમૂર્તિ પ્રભુ કનેઃ
"પવિત્ર પ્રેમમન્દિરો ભારતીય ગૃહો બને !"

ત્હારો પ્રેમાધીન

ચન્દ્ર.

કથાનુક્રમ.

પાંચ પ્રેમકથા.

૧.

પ્રેમનો અખંડ પ્રદીપ.

" પ્રીતિ કરવી સ્હેલ છે, નીભાવવી મુશ્કેલ. "

શરત્પૂર્ણિમાની સુન્દર રજની હતી. દશેકનો શુમાર થયો હતો. ચન્દ્ર સોળે કલાથી ખીલી રહ્યો હતો. સૃષ્ટિ પણ પોતાના પ્રિયતમના શીતલ તથાપિ ઉદ્દીપક કરસ્પર્શથી વિલસી ન રહી હોય તેમ ઉલ્લાસમાં દીસતી હતી. પવન ટ્હાડો અને મન્દ મન્દ વાતો હતો. શાન્તિ પ્રસરી રહી હતી,–માત્ર દેવમન્દિરેથી ઠાકોરજીનાં દર્શન કરી, દૂધપહુંઆ ધરાવી, પાછાં આવતાં કેટલાંક ટોળાંનો કોલાહલ ત્હેમાં વચ્ચે વચ્ચે ભંગ પાડતો હતો.

આવે સમયે અધીરો મન્મથરાય બીજા માળની અગાશીમાં આંટા મારતો હતો અને પોતાની પ્રિયતમા રતિસુન્દરીની વાટ જોતો હતો. ચન્દ્ર ત્હેને માટે અમી વર્ષાવી રહ્યો ન્હોતો; સૃષ્ટિ ત્હેને માટે સુન્દરતા ધરી રહી ન્હોતી; પવન ત્હેને માટે મન્દ મન્દ વાતો ન્હોતો; ના ! પોતાની મનોહર પરિસ્થિતિની ત્હેને લેશ પણ પરવા ન્હોતી. ઉલટી તે બધી વસ્તુઓ ત્હેની વ્યાકુલતામાં વૃદ્ધિ કરતી હતી. ત્હેને તો એક જ પ્રશ્ન થયાં કરતો હતો કે " રતિ હજુ કેમ ન આવી ? " કલ્પનાનો અશ્વ છૂટો મૂકી દીધો. કૈં કૈં તર્કવિતર્ક થવા લાગ્યા. હિન્દુ રૂઢિઓના સંયમની સારી અસરની કદર કરનારને ત્હેની ક્રૂરતા જણાવા લાગી. વડીલોના શાણપણને માન આપનારને ત્હેમની અરસિકતા ખૂંચવા લાગી. " સાળું આ તે કેમ સ્હેવાય ? વ્હાલસોયાં વડીલો પણ એટલું સમજતાં નહિ હોય કે સ્નેહમય દંપતીનાં હૃદયોમાં શું શું થઈ જતું હશે ? રતિ યે બહુ શરમાળ છે તો ! " નિર્દોષ પ્રિયાની ઉપર પણ અધીરતાએ આરોપ મૂકાવ્યો. અગાસીમાં આંટા મારતો અટકી જોરથી આરામ ખુરશી ઉપર તે પડયો; આરામ ખુરશીએ આરામ ન આપ્યો. ઉઠયો અને ખંડમાં જઈ હીંચકા હીંચવા લાગ્યો; હીંચકાએ હીંચનાર હૃદયને વધારે હીંદોળે ચઢાવ્યું.

ત્યાંથી શય્યામાં પડયો; શય્યાએ પણ શાન્તિ ન આપી. પાછો અગાસીમાં આંટા મારવા લાગ્યો. આખરે થાક્યો અને ફરીથી આરામ ખુરશીનો આશરો લીધો. ત્હેમાં પડયો પડયો વિચ્યારમાં ગૂંથાવા લાગ્યો–ધીમે ધીમે ગૂંથાયો. ક્યારે નિદ્રા આવી તે જાણ્યું નહિ. ધીમે ધીમે સ્વપ્નભૂમિમાં પ્હોંચ્યો.

શરત્પૂર્ણિમાની રમણીય રાત્રિ હોવાથી પૂરા બ્હારમાં ખીલેલી ચાંદનીમાં બેસી ચોક આસપાસની બીજા માળની અગાસીમાં સમસ્ત કુટુમ્બ સાથે જ પૂર્ણિમાને ઉચિત વાનીઓ જમ્યું હતું. કહે છે કે સ્નેહીજનનાં સહભોજન નીરખવા સુર–સુરાંગનાઓ સ્વર્ગથી ઉતરે છે. ભોજન સમાપ્ત થયે પુરૂષવર્ગ ચાલ્યો ગયો. પાછળની વ્યવસ્થા કરવાના કામમાં સ્ત્રીમંડળ રોકાયું. પરવાર્યા પછી ઉપર સટકી જવા રતિએ ચાતુરી કરી પણ નણંદે ફાવવા દીધી નહિ. “ કેમ ભાભી, બહુ ઉતાવળ આવી છે કે શું ? આવોને, આ વગેરે બેઠાં છે ત્યાં જરા ચાંદનીમાં બેશીએ. ” પકડાયેલી રતિએ પોતાનો પ્રયત્ન છૂપાવવા જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ દેખાતી શાન્તિથી સંમતિ આપી: “ ના રે, ઉતાવળ શાની હોય ? હું ત્યાં જ આવું છું ને ! ” નણંદભોજાઇ એક-બીજાની લુચ્ચાઇની કદર કરતે કરતે સ્હામસ્હામું જોઇ સ્હેજ હસ્યાં. આથી જ બિચારી રતિને વિલંબ થયો હતો. થોડી વાર ગામગપાટા માર્યા પછી રતિનાં સાસુએ રતિને કહ્યું: “ બેટા, જાઓ, સૂઇ જાઓ. આખો દિવસ કામ પ્હોંચ્યું છે એટલે થાકી ગયાં હશો. ”

“ કંઈ નહિ, જાઉં છું હમણાં. ” જવાને એકપગે થઇ રહેલી હોવા છતાં રતિએ વિવેક કર્યો.

“ ઉઠો ઉઠો, મોંઘાં ભાભી ! તમ્હારાં નાજુકડાં અંગ થાકી ગયાં હશે. ” નણંદે મીઠી ટકોર મારી.

ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. રતિ ઉઠી ને વીજળીવેગે સીડી તરફ વળી.

સાસરીયાં સમક્ષ શરમાળમાં ખપતી પણ પ્રેમઘેલા પતિ પાસે રંગબેરંગી પતંગીયા માફક રમતીયાળ બનતી રતિ અવાજ ન થાય તેમ ધીમે ધીમે સીડી પર ચ્હડી ને દાદરેથી છાનેમાને મેડીમાં ડોકીયું કર્યું. શયનગૃહમાં પ્રિયતમ જોયા નહિ. ત્હેણે ધાર્યું હતું કે કદાચિતને તેઓ અગાસીમાં હશે. ચૂપકીથી તે મેડીની અગાસીમાં પડતી બારી આગળ આવી. પતિને આરામ

ખુરશી ઉપર પડેલા દીઠા. સ્નેહશાસ્ત્રમાં નિપુણ રતિને શંકા થઈ: "ઢોંગ કરીને તો નહિ સૂતા હોય ?" યુક્તિથી પરીક્ષા કરવા સંકલ્પ કર્યો. સ્નેહનિપુણને કંઈ યોજનાઓ શોધવી પડે છે ? એ તો સ્ફુરે જ. કારણ કે સ્નેહ સરલને પણ સર્વજ્ઞ બનાવે છે. રખેને સ્હેજ પણ અવાજ થાય એવી બીતિથી સાળુ સંકોરતી, આસ્તે આસ્તે કદમ ભરતી રતિ ખુરશીની પાછળ જઈ પ્હોંચી, પગનાં ટેરવાં ઉપર ઉંચી થઈ, પતિમુખ ઉપર દૃષ્ટિ ફેંકી. પતિ નિદ્રાધીન લાગ્યા. કંઈક વધારે હિમ્મત આવી. ખુરશીની સ્હામે આવીને તે ઉભી અને પતિમુખ એકીટશે નીહાળવા લાગી. પણ સ્નેહોર્મિથી ઉભરાતા હૃદયવાળી પત્ની પોતાના પ્રિયતમને આમ કેટલીવાર જોઈ શકે ? રમતીયાળ રતિને અડપલું સૂઝ્યું. તે બહુ જ આસ્તે ખુરશી પાસે આવી, ભાવતો રસ પીવા નીચી નમી. રસ પીતાં પીતાં તો રતિ મન્મથના પાશમાં ફસાઈ. મન્મથને જાગતાં વાર શી ?

મનગમતી સ્નેહચેષ્ટાની અચિન્તિતતાએ રતિને ઘડીભર આશ્ચર્યમાં નાંખી,—ઘડીભર મૂંઝવી પણ ખરી,—ઘડીભર પોતે આટઆટલી સાવચેતી રાખવા છતાં ન જ ફાવી એવી લાચારીની લાગણી પણ અનુભવાવી. છતાં રતિ કંઈ શૃંગારશાલામાં નવી ન હતી. ત્હેણે તો કૈં કૈં આવા મીઠા પ્રસંગો જોયા હતા. તે અનુભવોની પરિચિતતાએ ત્હેને ઘડીમાં સ્વસ્થ બનાવી,—બેશક પ્રિયના હસ્તપાશમાં સપડાયેલી પત્ની કૈં કૈં ભાવથી ઉભરાતા હૃદયે જેટલી સ્વસ્થ બની શકે તેથી વધારે નહિ,—અને શું પ્રિયજનની સ્હામે ન ફાવવામાં પણ કંઇ અનેરી લહેજત નથી ?

"છોડી દો. આમ શું કરતા હશો ? વગરગુન્હે સ્ત્રીજનને આમ સતાવવામાં સૌજન્ય અને શૌર્ય આવ્યું કેમ ?" કાંઇક હુકમ કરતે, કાંઇક ફરિયાદ કરતે, કાંઇક પોતાને અણગમતી અને અણઘટતી વાત બની હોય તેવો દેખાવ કરતે કરતે રતિ બોલી.

"તું ગુન્હેગાર છે." એ બોલ બોલવામાં પણ પોતાના ગૌરવમાં ખામી ન આવી જતી હોય તેમ અમલદારી રૂઆબમાં મન્મથે કહ્યું. સંસારની માફક સ્નેહમાં પણ જેવો જેનો દાવ તેવો ત્હેનો ભાવ.

"હું ગુન્હેગાર !" રતિએ સરોષ આશ્ચર્ય બતાવ્યું.

"હા, મ્હારા મીઠા સ્વપ્નમાં ભંગ પાડવા માટે તું ગુન્હેગાર !" મન્મથે મીજાજમાં જવાબ વાળ્યો.

"એવું તે શું મીઠું સ્વપ્ન આવતું હતું કે જેમાં ભંગ પાડવા માટે મ્હારે કેદની શિક્ષા ખમવી પડે ?"

"હતું. વખતસર જણાશે." મન્મથે મીજાજનો દેખાવ કાયમ રાખ્યો.

"મ્હને તે નહિ કહો વ્હાલા ?" રતિએ લાડતે લાડતે પ્રશ્ન કર્યો. સ્ત્રીનાં લાડ આગળ સાચા ભાવ નથી ટકતા તો દેખાવના શા ભાર ? મન્મથ પીગળ્યો.

"કહીશ." મન્મથે આશા આપી.

"કહીશ નહિ,—કહો." સ્ત્રીની અધીરતાએ રતિ પાસે આગ્રહ કરાવરાવ્યો.

"અરે,—પણ ત્હેં દાદર બન્ધ કર્યો છે ? મન્મથના પ્રશ્નથી રતિને સાંભર્યું કે પતિને અવાજથી ન જગાડવાના ઇરાદાથી ત્હેણે દાદર બન્ધ કર્યો ન્હોતો. તે એકદમ દોડી 'ને દાદર બન્ધ કરી આવી. બન્ને નિશ્ચિંત બન્યાં.

"હવે કહો." રતિએ પાછો હક કર્યો.

"પણ તું આજ આટલીબધી મોડી કેમ આવી ? મ્હને તો ખૂબ રીસ ચ્હડી હતી અને ત્હારી સાથે ન બોલવાનો નિશ્ચય કર્યો હતો, પણ હું તો ઉંઘી ગયો ને ભૂલી ગયો." આ નીખાલસ કથનથી પ્રસન્ન થઈ, રતિએ બધી વાત ટૂંકામાં કહીને મન્મથના મનનું સમાધાન કર્યું. વળી પાછો સ્ત્રીસહજ કુતૂહલે આગ્રહ કરાવ્યો. "હવે બીજી વાત પછી, મ્હને તમ્હારૂં સ્વપ્ન કહો એકવાર."

"જો સાંભળ." મન્મથે શરૂઆત કરી. "ત્હારી વાટ જોતે જોતે વિચારમાં ને વિચારમાં હું નિદ્રાધીન થયો અને ધીમે ધીમે સ્વપ્નભૂમિમાં પ્હોંચ્યો. ત્યાં ઘડીભર તો મ્હને એકલું એકલું લાગ્યું. અઘુરામાં પૂરો રાત્રિનો સમય. હું ક્યાં છું ત્હેની સુઝ પડે નહિ ને મનમાં ને મનમાં મૂંઝાઉં. એટલામાં દૂર દૂર પ્રકાશ જેવું લાગ્યું અને મ્હારા જીવમાં કાંઇક જીવ આવ્યો. 'પ્રકાશ શાનો હશે ? કેટલે દૂર હશે ?'—ઇત્યાદિ પ્રશ્નોના કુતૂહલે એકલાપણાની લાચારીની જગા લીધી. ધીમે ધીમે પ્રકાશ પાસે આવવા લાગ્યો ને દીવા દીવા જેવું દેખાવા લાગ્યું. હું ઉભો હતો તે દિશામાં દીવા આવતા હોય એમ જણાયું. વાજીંત્રોના મીઠા અવાજે ત્હેમાં ઉમેરો કર્યો. મ્હારૂં

કુતૂહલ વધવા માંડયું. જેમ જેમ બધું પાસે આવતું ગયું તેમ તેમ સ્પષ્ટ થતું ગયું કે કાંઇ સરઘસ જેવું પાસે આવે છે. સરઘસ પાસે આવ્યું એટલે હું તો તે જોઇને મોહમય બની ગયો. વાજાંવાળા પછી પુરૂષ વર્ગ હતો અને પુરૂષવર્ગ પછી યુવાનયુવતીઓનાં યુગલો હતાં. સ્ત્રીવર્ગ છેલ્લો હતો. સ્ત્રીવર્ગે પોતપોતાની સંપત્તિ અને રૂચિ અનુસાર ભાતભાતનાં અને જુદા જુદા રંગોનાં સુન્દર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરેલાં હતાં. સ્વર્ગની અપ્સરાઓ તો કદાચિત્ કવિની કલ્પનાઓ પણ હોય; હું તો પ્રત્યક્ષ રૂપરૂપની મૂર્તિઓનાં દર્શન કરતો હતો. સ્ત્રીજનોનાં ફૂંળાં સ્નેહગીત ત્હેમની મોહકતામાં વૃદ્ધિ કરતાં હતાં. અહાહા ! શું એ અપ્રતિમ અનુભવનો આલ્હાદ !"

" પછી કોઇના ઉપર મોહી પડયા કે નહિ ? મ્હને તો ભૂલી જ ગયા હશો, નહિ ?" રતિએ સ્ત્રીસહજ ટકોર મારી!

" એ કાંઇ ત્હને કહેવાય કે ? ત્હારા આગળ તો શુદ્ધ એકપત્નીવ્રતની જ વાત; અને સુન્દરતાનું શુદ્ધ બુદ્ધિથી સૂક્ષ્મ નિરીક્ષણ કે વર્ણન કરીએ ત્હેમાં કાંઇ ખોટું નથી, પછી તે સુન્દરતા સ્ત્રીની પણ હોય. સુન્દરતાની કદર એ પ્રધાન છે,—સુન્દરતા સ્ત્રીની છે એ ગૌણ છે. "

" અહોહો ! શું શુદ્ધિની મૂર્તિ ! હું કોઇ સુન્દર અને સ્વરૂપવાન પુરૂષનું વર્ણન તમ્હારા આગળ કરૂં તો તમ્હેં મ્હારી સુન્દરતાની કદર કરવાની શકિતને માટે મોહ પામો કે......તમને હૃદયમાં બીજી કાંઇ લાગણી થાય ? જેમ સ્ત્રીઓના સૌન્દર્યનું સૂક્ષ્મ નિરીક્ષણ અને વર્ણન પુરૂષો શુદ્ધ બુદ્ધિથી કરી શકે તેમ સ્ત્રીઓ પુરૂષના સંબન્ધમાં કરી શકે કે નહિ ?—કે એ શુદ્ધબુદ્ધિથી સૌન્દર્યની કદર કરી શકવાનો ઇજારો પ્રભુએ પુરૂષોને જ આપ્યો હશે ? "

મન્મથ જરા ગૂંચાયો—મૂંઝાયો. " રતિ, તું કેવા કઢંગા અને અપ્રસ્તુત સવાલો પૂછે છે ? તમ્હારે સ્ત્રીઓએ એકચિત્તથી વાત પૂરેપૂરી સાંભળવાની ટેવ પાડવાની બહુ જ જરૂર છે. "

" તમ્હારૂં કહેવું તદ્દન ખરૂં છે. સ્ત્રીઓનામાં અક્કલ જરા ઓછી એટલે બીચારી કેટલીક બાબતો તરત સમજે નહિ અને તેથી સ્પષ્ટતાની ખાતર વચ્ચે સવાલ પૂછે. ચાલો, પછી શું થયું ?" તોફાની રતિએ ડહાપણનો દેખાવ કર્યો.

મન્મથે પોતાની બાજુની નબળાઈની મૂંઝવણ ગણી જઈને વાત આગળ ચલાવવાની રતિની સૂચનાનું છૂટકારાની લાગણીથી અવલંબન કર્યું. "પછી સરઘસમાંથી એકજણને મ્હેં પૂછ્યું કે 'આ શું છે?' ઉત્તર મળ્યો કે આજે પ્રેમપ્રદીપોત્સવ છે. નવાં નવાં પરણેલાં યુગલો આજે પ્રેમમન્દિરે જઈ પોતાના પ્રેમપ્રદીપો પ્રકટાવશે અને ત્હેને અખંડ રાખવા માટે પોતાની સર્વ યુક્તિપ્રયુક્તિ વાપરશે. તમ્હારે આવવું હોય તો આ સરઘસની સાથે ચાલો.' હું પણ સરઘસમાં દાખલ થયો અને ત્હેના આંતર ભાવોમાં ભાગ પડાવવા લાગ્યો. લોકલોકની રૂઢિઓ ત્હેમની સંસ્કૃતિની ભૂમિકાનો નિર્ણય કરે છે. પ્રેમપ્રદીપોત્સવની કલ્પના કેવી મનોહર અને અર્થગમ્ભીર છે? ધીમે ધીમે સરઘસ પ્રેમમન્દિરે પ્હોંચ્યું. ઉત્સવને અંગે પ્રેમમન્દિરને શણગારી અત્યંત શોભાયમાન બનાવ્યું હતું. પ્રેમમન્દિરના આગલા ભાગમાં એક વિશાલ ઓટલો હતો. ત્હેમાંના એક ભાગ ઉપર નવાં નવાં યુગલો માટે જગ્યા રાખવામાં આવી હતી અને તે ભાગને સુન્દર અને સુગન્ધીદાર પુષ્પોની વાડીથી વિભૂષિત કરવામાં આવ્યો હતો. બીજો વિભાગ ઈતર પ્રેક્ષકોને માટે હતો. બધાં પોતપોતાને સ્થાને બેશી ગયાં અને પછી ધીમે ધીમે શાન્તિ જામવા માંડી. સર્વની દૃષ્ટિ પાછી ફરીથી નવપરિણીત યુગલો તરફ વળી. તેઓનાં હૃદયોમાં શા શા ભાવો થતા હશે? પ્રભુના પ્રતિનિધિરૂપ પ્રેમ-પુરોહિતે ઉદ્‌ઘોષ કર્યો. 'પ્રારમ્ભ કરો.' પ્રેમસ્તોત્ર ગાવાની શરૂઆત થઈ. એક પંક્તિ પત્નીઓ બોલે અને એક પંક્તિ પતિઓ બોલે, અને કેટલીક પંક્તિઓ બન્ને સાથે બોલે. આખા પ્રેમગીતમાં એક પાસથી મૃદુતા, મધુરતા અને મોહકતાની સાથે બીજી પાસથી દૃઢતા, ગમ્ભીરતા અને પ્રચંડતાનું મનોહર મિશ્રણ થતું હતું. પ્રેમસ્તોત્ર પઢાઈ રહ્યું. પુનઃ પુરોહિતે સૂચના કરી: 'પત્નીઓ, ધરો તમ્હારાં સ્નેહપાત્રો, અને પતિઓ રેડો ત્હેમાં સ્નેહ.' પત્નીઓએ કોડીયાં કાઢયાં અને પતિઓએ ત્હેમાં તેલ રેડયું."—

"મ્હને કોઇ કહેતું હતું કે 'સ્નેહ' શબ્દના બે અર્થ થાય છે: એક તો 'સ્નેહ' એટલે 'પ્રેમ' અને બીજો 'સ્નેહ' એટલે 'તેલ.' એ ખરૂં છે ને?" રતિએ પૂછ્યું.

"તું પાછી વચ્ચે બોલી. સ્ત્રીઓ જીભ ઉપર કાબુ રાખી શકે જ નહિ. ત્હારૂં કહેવું ખરૂં છે. 'સ્નેહ' ના ત્હેં કહ્યા તેવા બે અર્થ થાય છે, પરન્તુ તું હવે વચ્ચે બોલીશ નહિ. હું ત્હને બધું પછી સમજાવીશ."

રતિએ બીચારીએ ફરીથી વાણી ઉપર સંયમ રાખવાનું તપ આદર્યું.

મન્મથે પાછી શરૂઆત કરી. "પુરોહિતે પાછો ટહૂકો કર્યો: 'રૂ લઇ બધાં દીવેટો તૈયાર કરો.' પ્રત્યેક પતિએ અને પત્નીએ પોતપોતાની દીવેટ તૈયાર કરી. સ્નેહપાત્રમાં બન્ને દીવેટો સાથે સાથે મૂકી ત્હેમને સ્નેહભીની કરી. પછી પાછા પુરોહિતજી બોલ્યા: 'ચાલો, હવે પ્રકટાવો ત્મ્હારા પ્રેમ-પ્રદીપો અને ત્મ્હારી યુક્તિપ્રયુક્તિથી રાખો ત્હેમને અખંડ.' સર્વ પતિઓએ દીવાસળી–પ્રેમાગ્નિને અંતર્હિત રાખનાર દીવાસળી–લઇ દીવો પ્રકટાવવા માંડયો. હવે હકિકત એ હતી કે કોઇનાં સ્નેહપાત્રો–કોડીયાં–જ અસ્વચ્છ અને અશુદ્ધ હતાં. કોઇનો સ્નેહ જ અન્ય પદાર્થથી મિશ્રિત હતો. કોઇકને દીવેટો જ બનાવતાં ન્હોતી આવડતી. કોઇની દીવાસળીઓ જ હવાઇ ગયેલી હતી. પરિણામે જેમની જેમની સામગ્રીમાં ન્યૂનતા હતી ત્હેમના પ્રદીપો તો કેમે કર્યા પ્રકટયા જ નહિ. કોઇક પત્ની બીચારી માથાકૂટ કરે; કોઇક પતિ બીચારો માથાકૂટ કરે. બધાના દેખતાં દીવો પ્રકટશે નહિ તો આબરૂ જશે એમ મનમાં મૂંઝાય, પરન્તુ જ્યાં સામગ્રી જ પૂરતી નહિ ત્યાં દીવો પ્રકટે જ કેમ? કેટલાંકના દીવાઓ સ્હેજ સળગે, પરન્તુ ચરચર થઇને પાછા તરત હોલાઇ જાય, કારણ કે સામગ્રી તો હતી પણ શુદ્ધ ન્હોતી. શુદ્ધ સામગ્રી વગર દીવાઓ બરાબર કેવી રીતે પ્રકટે? કેટલાકના દીવાઓ પ્રકટયા તો ખરા, પરન્તુ કોઇમાં પતિ તરફથી ને કોઇમાં પત્ની તરફથી પવનના ઝપાટા આવ્યા અને તે વખતે સાવધ રહેતાં ન આવડવાથી પ્રકટેલા દીવા પાછા હોલાઇ ગયા. કેટલાંક તો દીવા પ્રકટયા એટલે એમની મેળે જ જાણે કેમ અખંડ રહેવાના હોય તેમ બેદરકાર બન્યાં અને પરિણામે સંકોર્યા કર્યા વગર દીવાઓ રમવા ગયા. આમ ધીમે ધીમે થવા લાગ્યું. માત્ર કેટલાંક યુગલો પોતાના પ્રદીપો અખંડ રાખી શકયાં. ત્હેમનાં સ્નેહપાત્રો, સ્નેહ, દીવેટ વગેરે શુદ્ધ અને પૂરતું હતું એટલું જ નહિ, પરન્તુ તેઓ સંપૂર્ણ સાવધતાથી દીવાને અખંડ રાખવા માટે કાળજીથી કાંઇ કાંઇ યુક્તિપ્રયુક્તિ કરતાં હતાં. તેઓ એવી ખોટી ભ્રાન્તિનો ભોગ ન્હોતાં બન્યાં કે દીવો એક વાર પ્રકટયો એટલે અખંડ જ રહે. તેઓ સમજતાં હતાં કે દીવાને અખંડ રાખવો હોય તો બન્ને જણાંએ ઘણી ઘણી સંભાળ લેવી પડશે, વારાફરતી દીવેટ સંકોરવી પડશે, પવનના ઝપાટાઓથી જ્યોતને સાચવવી પડશે, અને એમ ક્ષણેક્ષણે

કાળજી રાખવાથી જ દીવો અખંડ રહી શકશે. તેવાં કલાવાળાં યુગલોના પ્રદીપો અખંડ રહ્યા. બધાંએ તેવાં યુગલોને અભિનન્દન આપ્યું. જેઓની સામગ્રી પૂરતી અને શુદ્ધ હતી, પરન્તુ અનાવડથી અથવા તો બેદરકારીથી જેમના દીવા બૂઝાઈ ગયા હતા ત્હેમણે અખંડ રહેલા દીવાઓવડે પોતાના દીવાઓ પાછા પ્રકટાવવા માંડ્યા......એટલામાં તો ત્હેં મ્હને જગાડ્યો અને મ્હારા સ્વપ્નમાં ભંગ પાડ્યો. કહે, તું કેદની શિક્ષાને માટે લાયક ખરી કે નહિ?"

"કોઈકને પ્રેમપ્રદીપની દીવેટ સંકોરવાને માટે અભિનંદન મળે અને મ્હારા જેવાં બીચારાં કોઈક દુર્ભાગીને કેદ ભોગવવી પડે. એ તે દુનિયાનો ન્યાય !" અન્યાયનો ભોગ થઈ પડેલી હતભાગિનીએ ફરિયાદ કરી.

"રતિ, સ્વપ્ન કેવું સુન્દર છે ? ત્હેમાં કેવો ગમ્ભીર અર્થ સમાયલો છે ? દમ્પતીજીવનના સુખનો એ સ્વપ્ન સાચામાં સાચો મન્ત્ર છે." ઉત્સાહમાં ને ઉત્સાહમાં મન્મથે ઉભરો કાઢ્યો.

"કોઈક અર્થ **સમજીને** સંતોષ પામે ને કોઈક **અનુસરે.**" રતિ ધીમે રહીને બોલી.

"ત્યારે શું તું સમજી ગઈ આ સુન્દર સ્વપ્નનું સૂચન ?" પોતાની વિસ્તારથી સમજાવવાની આશા ભંગ થયેલી જોઇને રોષ અનુભવતાં મન્મથ બોલ્યો. કેવો સ્વાર્થ અને છતાં કેવો માનુષ તથા ક્ષંતવ્ય ! પોતાને સમજાવવાનો સંતોષ મળે માટે માણસથી મનમાં અજાણ્યે એમ ઇચ્છી જવાય છે કે સ્હામો માણસ ન સમજતો હોય તો સારૂં.

રતિ મન્મથની પ્રકૃતિ સારી રીતે સમજતી હોવાથી ત્હેની નિરાશા કળી ગઈ. ઘડીભર પતિને સંતોષ આપવા ખાતર ત્હેમને બોલવાની તક આપવી અને અણસમજનો આડંબર કરવો એમ પણ થયું, પણ કાંઈ ન સમજાય એવી રીતે એ તોફાની મનોદશામાં હતી. તે બોલી: "મ્હને કાંઈ તમ્હારી માફક લાંબુ લાંબુ ભાષણ આપતાં આવડતું નથી ને આપવું ગમતું પણ નથી. હું તો માત્ર તમ્હારા સ્વપ્નનો મુદ્દો એટલો સમજી કે જેમ દીવાને અખંડ રાખવા માટે યુક્તિપ્રયુક્તિ કરવી પડે છે ને કાળજી રાખવી પડે છે તેમ સ્નેહને અખંડ રાખવા માટે પણ કરવું પડે છે."

મન્મથે જોયું કે રતિ સમજી હતી તો બરાબર, પણ ગંભીર ચર્ચાનો બહુ શોખીન હોવાથી તે એટલેથી બસ કરે એમ ન્હોતું. વાત આગળ ચલાવવા એણે પૂછ્યું: " કેમ, ત્હને એ વાત તો ખરી લાગે છે ને ? "

રતિએ ગંભીરતાનો દેખાવ ધારણ કરીને ભારેખમ થઇને અભિપ્રાય આપ્યો: " હા, મ્હોટે ભાગે ખરી તો લાગે છે. તમ્હારો જ્યારે મીજાજ જાય છે ત્યારે જો હું શાન્ત રહું છું તો તમ્હેં પાછા તરત ઠેકાણે આવો છો, એટલે વાતમાં સત્ય તો છે જ, પણ "–જરા ડાહીલી બનીને વિશ્વનાં રહસ્ય સમજવાં હોય તેમ બોલી: " એક શંકા થાય છે. કેટલીક કવિતાઓમાં અને કથાઓમાં આપણે એવું વાંચીએ છિએ કે 'સાચો પ્રેમ હોલાય નહિ અને જે પ્રેમ હોલાય તે સાચો નહિ.' હવે તમ્હારા સ્વપ્નની સાથે આ બંધબેસતું કેમ થઈ શકે ? "

સમજાવવાની પોતાને તક મળી તેથી મન્મથ આનન્દ પામતો બોલ્યો: " રતિ, ત્હારી શંકા તો સરસ છે. કવિઓની સૃષ્ટિ કાલ્પનિક છે, અને આપણે બધાં રહીએ છિએ વાસ્તવિક સૃષ્ટિમાં. કાલ્પનિક સૃષ્ટિના સિદ્ધાન્તોનો પ્રયોગ તેથી જુદી જ જાતની વાસ્તવિક સૃષ્ટિમાં એમ ને એમ કરવા ઇચ્છનારને 'મૂર્ખ' વગર બીજું કયું વિશેષણ આપવું ? કવિઓ તો શુદ્ધ ભાવનાઓ આલેખે છે; ત્હેમનો જીવનમાં પ્રયોગ કરતાં દેશ-કાલનો વિચાર બેશક કરવો જ જોઇએ. ઘણાં યુવકયુવતીઓ કે જેઓના મન ઉપર જો શાણા અને વ્યાવહારિક સંસ્કારો પાડવામાં આવ્યા હોત તો સુખી દમ્પતીજીવન ગાળવા ભાગ્યશાળી થાત, તેઓ બીચારાં કવિઓની કલ્પના પ્રમાણે જીંદગીમાં આશા રાખવાથી નિરાશ નિરાશ થઈ જાય છે. "

મન્મથ આગળ ચલાવત પણ એટલામાં રતિથી ગંભીરતાનો કૃત્રિમ દેખાવ વધારે વાર કાયમ ન રખાયો ને બોલી જવાયું: " ચાલ્યું ફિલ્સુફ-સાહેબનું ભાષણ ! "

મન્મથ રતિની તોફાની મનોદશા સમજી ગયો અને મીઠો ઠપકો દેતે દેતે બોલ્યો: " રતિ, તું તો હજી તોફાની જ રહી ! "

—અને પ્રિયતમાનાં મીઠાં તોફાન પણ શું પ્રેમપ્રદીપની જ્યોતને પ્રજ્વલિત કરી ત્હેને અખંડ રાખતાં નથી ?

૨.

વ્હાલ કે વ્યવસ્થા?

૧.

મંજુલાનું મનોરાજ્ય.

માર્કંડરાય અમદાવાદના એક આગેવાન વકિલ હતા. એલએલ. બી. ની ડીગ્રી લઈ ત્હેમણે અમદાવાદમાં વકિલાતની શરૂઆત કરી તે વખતે વકિલોની સંખ્યા ઘણી ન્હાની હતી, અને ત્હેમાં પણ એલએલ. બી. થયેલા તો ગણ્યાગાંઠ્યા જ હતા. પરિણામે લગભગ શરૂઆતથી જ ત્હેમને ધંધામાં ઠીક કમાણી થવા માંડી હતી, અને તે ધીમે ધીમે વધતે વધતે દશેક વર્ષ પછી લગભગ માસિક રૂ. ૧૦૦૦ ની રકમ સુધી પ્હોંચી હતી. ત્હેમની સ્થિતિને શોભે તેવી રીતે એકંદરે સુખમાં રહેવા છતાં ઘરમાં પોતે, ત્હેમનાં પત્ની ધનવિદ્યા, ત્હેમની એકની એક પુત્રી મંજુલા, રસોઇયો અને નોકર એ પાંચ જ જણ હોવાથી ત્હેમને બહુ ભારે ખર્ચ ન્હોતું અને ત્હેને લીધે તેઓ સારી રકમ બચાવી શક્યા હતા. સાહિત્યનો કે સાર્વજનિક જીવનનો ત્હેમને ખાસ શોખ ન્હોતો, પરન્તુ એક બાજુથી કેળવાયેલા ગૃહસ્થ અને બીજી બાજુથી આગેવાન વકિલ એટલે તેઓ શહેરની સર્વ પ્રવૃત્તિઓમાં શોભીતો ભાગ લેતા અને કોઈ કોઈ પ્રસંગે ઘટતી દ્રવ્યની મદદ પણ આપતા. કોઈ પણ બાબતમાં ત્હેમને ખાસ ઉત્સાહ કે આગ્રહ ન્હોતો અને તેથી બધાની સાથે ત્હેમને સંબન્ધ સારો હતો. સંસારસુધારાસમાજના તેઓ સભાસદ હોવાથી સુધારકોની સાથે તેઓ રીતસર હળતામળતા તેમ જ નાત-જાતમાં પણ સારેમાઠે પ્રસંગે જતા આવતા. એકંદરે ભલા અને ઠાવકા માણસ હોવાથી ત્હેમને માટે બધાને સારી લાગણી હતી.

મંજુલા ત્હેમની એકની એક પુત્રી હોવાથી ત્હેને બહુ લાડમાં ઉછેરી હતી. માર્કંડરાય અને ધનવિદ્યા બન્ને ત્હેને ઘણું જ વ્હાલાં અને ઘણાં લાડ લડાવતાં. મંજુલાની દરેકે દરેક માગણી તાકીદે તૃપ્ત થાય અને ત્હેનું કોઈ વાતે દિલ ન દુખાય તે માટે માર્કંડરાય તથા ધનવિદ્યા બન્ને બહુ કાળજી રાખતાં. મંજુલા એકંદરે ભલાં માબાપની ભલી દીકરી હતી, પરન્તુ લાડમાં ઉછરેલી હોવાથી પોતાની ઇચ્છાઓને દાબમાં

રાખવી તે શું ત્હેનો એને પૂરતો ખ્યાલ ન્હોતો. એક તો ઘરમાં માણસ થોડાં અને ત્હેમાં રસોઈયો તથા નોકર, એટલે ધનવિદ્યાને પોતાને પણ ઘરનું કામકાજ નહિ જેવું કરવું પડતું તો પછી મંજુલાને તો તે કશામાં ધ્યાન આપવાનું શાનું જ હોય? ધનવિદ્યા પોતે પૈસાદાર માબાપનાં દીકરી હતાં અને સદ્ભાગ્યે પૈસાદાર પતિને પરણ્યાં હતાં, એટલે દીકરીને પણ તેવું જ મળી રહેશે એમ માનતાં હતાં. પરિણામે મંજુલાના ઉપર ઘર ચલાવવાનો બોજો પડે ત્યારે તે સ્હેલાઇથી પ્હોંચી વળે તેવી રીતે ત્હેને તૈયાર કરવા માટે કોઈ જાતના ખાસ પ્રયત્ન કરવામાં આવતા ન્હોતા. માર્કંડરાય કે ધનવિદ્યા આગ્રહી સુધારક હતાં અને તેથી પોતાની પુત્રીને વિદ્યાકલાનું એકદેશીય શિક્ષણ આપવામાં વ્યવહારોપયોગી બાબતોનું શિક્ષણ ન્હોતાં આપી શક્યાં એમ કાંઈ ન્હોતું. છોકરી સુખમાં ને સુખમાં ઉછરે એટલું જ તે જોતાં, અને ન્હોતાં ત્હેની વિદ્યાકલાની કેળવણી ઉપર ધ્યાન આપતાં કે ન્હોતાં ત્હેની ઘરકામની કેળવણી તરફ લક્ષ આપતાં. હિન્દુ સંસારમાં આવાં માબાપો અનેક હોય છે અને કમનસીબે ત્હેમની બેદરકારીનાં પરિણામોનો આરોપ અન્યાયી રીતે બીચારા "સુધારા" ઉપર મૂકવામાં આવે છે. ટૂંકી નજરનાં માબાપો પોતાની પુત્રીઓને શાળામાં મોકલવામાં પોતાની ફરજ પૂરી થઈ માને, ઘેર ત્હેમને વ્યવહારોપયોગી શિક્ષણ આપે નહિ, લોકોની સાથે સારી રીત-ભાતથી કેમ વર્તવું તે ત્હેમને શીખવે નહિ, અને પછી છોકરીઓ અર્ધદગ્ધ, અવ્યાવહારિક અને અવિવેકી થાય ત્યારે "સુધારા" ને ગાળો દે ને જમાનો બગડી ગયો છે એમ બૂમો પાડે. ગરીબ બીચારો "સંસાર સુધારો!" એના બીચારાના ય ભોગ છે કે જેમાં એને લેવાદેવા નહિ ત્હેમાં પણ એ કારણરૂપ ગણાય.

માર્કંડરાય કે ધનવિદ્યા સ્ત્રીશિક્ષણ માટે ખાસ આગ્રહ ધરાવતાં ન્હોતાં, છતાં ચાલુ જમાનાને અનુસરી, પોતાની પુત્રીને ત્હેમણે ગુજરાતી ક્રમ પૂરો કરાવી, અંગ્રેજી અભ્યાસ કરાવ્યો હતો. ઘરનું કામકાજ નહિ એટલે ૧૧ વાગ્યાથી ૫ વાગતા સુધી તે શાળામાં જતી અને સ્હવારે એક શિક્ષકની પાસે ઘેર ભણતી. મંજુલા ભણવામાં ખાસ હોશિયાર ન્હોતી તેમ ખાસ મન્દ પણ ન્હોતી. ત્હેને ભણવાનો ખાસ ઉમંગ કે શોખ ન્હોતો. બીજી કેટલીક સારા કુટુમ્બની છોકરીઓ ભણતી એટલે

એ પણ ભણતી. શાળાને અંગે અને શિક્ષકને અંગે જેટલો ન ચાલ્યે સંયમ પાળવો પડે તેટલો પાળી, બીજી રીતે મનમાં આવે તેમ કરતી. એનામાં કાંઈ પણ ખાસ અપલક્ષણ ન્હોતું, પરન્તુ યોગ્ય દેખરેખ અને માર્ગદર્શનને અભાવે ત્હેની શક્યતાઓના પ્રમાણમાં ત્હેનો વિકાસ થયો ન્હોતો. ત્હેને વાર્તાઓ, નવલકથાઓ અને કાવ્યો વાંચવાનો શોખ ધીમે ધીમે લાગુ પડયો. જે વાર્તાની ચોપડી હાથમાં આવે તે તે હોંસભેર વાંચી જતી. જ્યારે જ્યારે અવકાશ મળતો ત્યારે ત્યારે તે વાર્તાની ચોપડીઓ વાંચતી. પોતાને જોઈએ તે ચોપડીઓ તે મંગાવતી અથવા પોતાની બ્હેનપણીઓ પાસેથી વાંચવા માટે લેતી. તે શું વાંચે છે તે ઉપર કોઈની દેખરેખ ન હતી, અને તે માગતી તે ચોપડીઓ વેચાતી કે પુસ્તકશાળામાંથી માર્કંડરાયનો કારકુન ત્હેને માટે લઈ આવતો. માર્કંડરાયે કારકુનને કહી મૂકયું હતું કે " મંજુલા જે કાંઈ માગે તે આણી આપવું." આ ઉપરાંત મંજુલાને નાટકો વાંચવાં અને જોવાં બહુ ગમતાં, અને ત્હેને જ્યારે જ્યારે ઇચ્છા થાય ત્યારે ત્યારે ત્હેને નાટક જોવા માર્કંડરાય પોતે લઈ જતા અથવા યોગ્ય સંઘાત જોઇને મોકલતા. મંજુલા સ્વભાવથી ભલી અને સારી છોકરી હતી, અને તે સારા નીતિમય વાતાવરણમાં ઉછરી હતી, એટલે આ બધાનું પરિણામ બીજી કોઈ રીતે હાનિકારક નીવડયું નહિ, પરન્તુ યુવાવસ્થામાં દેખરેખ વગર વાંચનનો શોખ જે વળણ લે તેવું ત્હેના વાંચને પણ લીધું. યુવાવસ્થામાં સ્વાભાવિક રીતે પ્રેમકથાઓ, પ્રેમનાટકો, પ્રેમકાવ્યો વાંચવામાં અત્યંત રસ પડે છે અને તેવા અનિયન્ત્રિત વાંચનના પરિણામે પ્રેમ સંબંધમાં તરેહવાર કલ્પનાઓ રચાય છે. નવલકથાઓ, નાટકો, કાવ્યો વગેરેના વાંચનારને કલ્પનાસૃષ્ટિમાં જ વિહાર કરવાનો એટલો બધો અભ્યાસ પડી જાય છે કે ત્હેને આસપાસની ખરી સૃષ્ટિમાં રસ પડતો નથી, ત્હેમાં ત્હેનું મન ગોઠતું નથી, અને ત્હેના જીવનમાં ઉંડો અસંતોષ ધીમે ધીમે જામતો જાય છે. કથાઓ, નાટકો, કાવ્યો વગેરે કલ્પનામય સાહિત્ય જો કોઈ અનુભવીની દેખરેખ નીચે અધિકાર પ્રમાણે વિવેકપૂર્વક વાંચવામાં આવે તો ત્હેના જેવાં જીવનને રસમય, ભાવનામય અને ઉન્નત બનાવવાનાં બીજાં રામબાણ સાધનો નથી, પરન્તુ તેવી મર્યાદાઓ નથી જળવાતી તો વિચારશીલતા અને વ્યાવહારિકતાને ભોગે અતિભાવમયતા

અને તરંગમયતા પોષાય છે. મંજુલાની બાબતમાં પણ તેમ જ બન્યું. સૂક્ષ્મતાથી ત્હેનું વર્તન તપાસનારને ત્હેની આંતર દશામાં થયેલા ફેરફારનાં ચિહ્નો જણાય તેમ હતાં, પરન્તુ પુત્રીઘેલાં માતપિતાનું ધ્યાન તે તરફ ખેંચાયું નહિ. અભ્યાસ તરફની બેદરકારી માટે શિક્ષક તરફથી સૂચનાઓ મંજુલાને મળવા માંડી, પણ કારણોની તપાસનો શ્રમ શિક્ષક શું કરવા લે? મંજુલાને ત્હેના અભ્યાસમાં કે બીજા કશામાં હવે રસ પડતો ન્હોતો. સ્નેહમય, શાન્તિમય, સુખમય દમ્પતીજીવનનાં સ્વપ્ન ત્હેને આવવા માડયાં, અને ત્હેના જ તરંગોમાં ત્હેના મગજે વિહાર કરવા માંડયો. "હું પરણ્યા પછી આમ મજા માણીશ અને તેમ વૈભવ ભોગવીશ" એવા એવા મનોરથોએ ત્હેના ચિત્તમાં વાસ કરવા માંડયો. દિવસે અને રાત્રિએ કલાકોના કલાકો તે પોતાના ખંડમાં પડી રહેવા લાગી, અને કાલ્પનિક સ્નેહસૃષ્ટિમાં આનંદ માનવા લાગી. પોતાના મન ઉપર પોતાના વાંચને પાડેલાં પ્રેમાળ નાયકનાયિકાઓનાં સંસ્કાર-ચિત્રો ત્હેના આગળ વારંવાર ખડાં થવા લાગ્યાં, અને તેવા પ્રકારનું સુખ જાતે ભોગવવાના અભિલાષો ત્હેના હૃદયમાં સ્ફુરવા લાગ્યા. મંજુલા મીઠા મનોરાજ્યમાં મ્હાલવા મંડી.

૨.

મંજુલાનું લગ્ન.

મંજુલાને આશરે પંદર વર્ષ થયાં એટલે સ્વાભાવિક રીતે ત્હેને માટે યોગ્ય વર શોધવાના પ્રયત્નો થવા માંડયા. છોકરીને મ્હોટી કરી મોડી વયે ત્હેનાં લગ્ન કરવાં એ વધારે સારૂં છે એવા વિચારથી કાંઈ માર્કંડરાયે કે ધનવિદ્યાએ મંજુલાને મ્હોટી કરી ન્હોતી. એક તો અનેક કારણોથી પ્હેલાંના પ્રમાણમાં લગ્નની ઉમ્મર ધીમે ધીમે વધતી જતી હતી, બીજું છોકરીને ખાસ વ્હેલી પરણાવી દેવાનો આગ્રહ કરે એવાં કોઈ વૃદ્ધ જન કુટુમ્બમાં ન્હોતાં, અને ત્રીજું લાડકવાયી દીકરીને વ્હેલી પરણાવી દઈને પરવશ બનાવવા વ્હાલસોયાં માબાપનું મન આનાકાની કરતું હતું. છતાં નાતના કુંવારા યુવાનો ઉપર માર્કંડરાયની અને ધનવિદ્યાની નજર હતી, અને તેઓ જુદા જુદા યુવાનોની લાયકાત વિષે કોઈ કોઈ વાર વાતચીત કરતાં. નાત ન્હાની એટલે પસંદગીનું ક્ષેત્ર

જ મૂળ તો સંકુચિત, અને ત્હેમાં સારા પૈસાદાર કુટુમ્બના છોકરાઓના વિવાહ તો બને તેટલા વ્હેલા ન્હાનપણમાં જ થઈ ગયા હોય. કુંવારા તો તેઓ જ રહ્યા હોય કે જેઓ સાધારણ સ્થિતિનાં માબાપના દીકરા હોય અથવા તો જેઓનાં માબાપને છોકરાઓના વિવાહો ન્હાનપણમાં કરવા સ્હામે વાંધો હોય. ધીમે ધીમે છોકરાઓના તેમ જ છોકરીઓના લગ્નની જ નહિ, પરન્તુ વિવાહની ઉમ્મર પણ વધતી જતી હતી, છતાં જ્યાં સુધી મ્હોટો ભાગ એમ કરે નહિ ત્યાં સુધી છોકરાઓને કે છોકરીઓને મ્હોટાં કરવાં એ જેવું તેવું જોખમભરેલું ન્હોતું. ત્હેમાં પણ છોકરીને મ્હોટી કરનારના જોખમની તો વાત જ નહિ, કારણ કે છોકરાને માટે નવી જન્મનાર છોકરી ચાલે પણ કંઈ છોકરીને માટે નવો જન્મનાર છોકરો કામ આવે ?

માર્કંડરાય અને ધનવિદ્યાની નજર મધુકર ઉપર વિશેષ હતી. મધુકરનાં માબાપ ત્હેને ન્હાનો મૂકીને ગુજરી ગયાં હતાં અને તેથી ત્હેનાં મામામામીએ ત્હેને ઉછેરીને મ્હોટો કર્યો હતો. ત્હેના બાપે વારસામાં નહિ જેવું પાછળ મૂક્યું હતું અને ત્હેના મામાની સ્થિતિ પણ સાધારણ જ હતી. મધુકર ન્હાનપણથી જ ભણવામાં હોશિયાર હતો અને સ્કૉલર્શિપ મેળવતો મેળવતો **બી. એ.** કલાસ સુધી પ્હોંચ્યો હતો. ત્હેની સ્થિતિ સાધારણ હતી એટલે ત્હેનો વિવાહ ન્હાનપણમાં થઈ ગયો ન્હોતો. તે કૉલેજમાં દાખલ થયો તે પછી ત્હેના મામાએ વિવાહના સંબન્ધમાં સ્હેજ ચોખો ચાંપી જોયો, પરંતુ મધુકરે ઓછામાં ઓછું **બી. એ.** થતા સુધી વિવાહ કરવાની ચોખ્ખી ના પાડી હતી. જ્યાં સુધી પોતાના, પોતાની પત્નીના અને પોતાનાં સંતાનોના ગુજરાન પૂરતું પુરૂષ કમાય નહિ ત્યાં સુધી ત્હેણે લગ્ન ન કરવું જોઈએ એવો ત્હેનો મત હતો, જો કે હિન્દુ સંસારમાં તે મતનો અમલ થઈ શકવો બહુ મુશ્કેલ છે તે એ સારી પેઠે સમજતો હતો. બાલલગ્ન એ હિન્દુ સમાજનું એક ઝેરી સામાજિક અનિષ્ટ છે એટલું જ નહિ, પરંતુ તે ભયંકર આર્થિક અનિષ્ટ પણ છે તે મધુકર સારી રીતે સમજતો, છતાં જ્યાં સુધી પસંદગીનું ક્ષેત્ર ન્હાની ન્હાની નાતોને લીધે સાંકડું છે ત્યાં સુધી એ અનિષ્ટ નિર્મૂલ થવું મુશ્કેલ છે એમ પણ તે માનતો હતો. પોતે બાલલગ્નનો ભોગ બન્યો ન્હોતો તે માટે ઇશ્વરનો તે અન્તઃકરણપૂર્વક ઉપકાર માનતો હતો, અને

પોતાનું અને ત્યાં સુધી પોતાનો અભ્યાસ સમાપ્ત થતા સુધી લગ્ન ન કરવાનો હેનો વિચાર હતો. પરન્તુ 'આશ્ચર્ય, અધુરાં રહે હરિ કરે સો હોય' એ અનુભવકથન ખરૂં પડ્યું. મધુકર **બી. એ.** માં પાસ થયાના સમાચાર આવ્યા કે તરત જ માર્કંડરાયે મધુકરના મામાને બોલાવ્યા, અને પોતાની પુત્રી મંજુલાનો વિવાહ મધુકરની સાથે કરવાની પોતાની તીવ્ર ઉત્કંઠા દેખાડી. મધુકરના મામાને પણ આ સંબન્ધ અતિશય સારો જણાયો અને તેથી હેમણે તે વાત મધુકરને કહી. મધુકરે પોતાના અભિપ્રાયને અનુસરીને ઉતાવળ ન કરવા કહ્યું, પરન્તુ હેના મામાએ હેને વિસ્તારથી બધી સ્થિતિ સમજાવી અને આ સંબન્ધ કરવાનું ન ચૂકવા આગ્રહ કર્યો. ઘણો વિચાર કર્યા પછી પોતાની પરિસ્થિતિની મર્યાદાઓ ધ્યાનમાં લેતાં મધુકરને એમ લાગ્યું કે હેણે પોતાના મામાની સૂચના આખરે સ્વીકારવી પડશે. પૌતે લીધેલી ઉચ્ચ કેળવણીને મધુકર શરમાવે તેવો ન્હોતો, શોભાવે તેવો હતો. ઉન્નત ભાવનાઓ અને મહેચ્છાઓ હેના હૃદયમાં તરવરતી હતી, પરન્તુ તે વિચારશીલ અને વ્યાવહારિક હોવાથી સારી રીતે સમજતો કે તે ભાવનાઓ અને મહેચ્છાઓને હેની આસપાસની સ્થિતિ મર્યાદિત બનાવશે. એક તો હેની પ્રકૃતિ જ રસિક અને ભાવનામય હતી, અને હેમાં હેણે ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી નવલકથાઓ, કાવ્યો, નાટકો વગેરે વિવેકપૂર્વક સૂક્ષ્મતાથી વાંચ્યાં હતાં. પરિણામે, લગ્ન સંબન્ધી હેની ભાવનાઓ ઘણી ઉચ્ચ હતી. તે એમ અન્તઃકરણપૂર્વક માનતો કે **હૃદયનો હૃદય સાથે સંબન્ધ—આત્માનો આત્મા સાથે સંયોગ—એ તે દૈવી સ્નેહલગ્ન, અને માત્ર વ્યાવહારિક સવડ કે કામતૃપ્તિ માટે કેવલ શરીરનો શરીર સાથે સંબન્ધ એ તે પાશવ દેહલગ્ન.** છતાં મધુકર પ્રકૃતિથી તથા સિદ્ધાન્તથી સ્નેહાળ, ઠરેલ અને વ્યાવહારિક હતો,—સ્વાર્થી, ઉદ્ધત અને અવ્યાવહારિક ન્હોતો. તે એમ સારી રીતે સમજતો કે જ્યાં સુધી તે પોતાના સમાજથી છૂટો પડવા માગતો નથી ત્યાં સુધી હેણે પોતાની સ્નેહલગ્નની ઉન્નત ભાવના માટે અને તેટલી યોગ્ય સહચરી પોતાની ન્હાનકડી નાતમાંથી જ શોધવી પડશે. એક પાસથી મંજુલા જેટલી કેળવાયલી બીજી કોઈ કન્યા હેની નાતમાં ન્હોતી, બીજી પાસથી માર્કંડરાય અને ધનવિદ્યા સ્વભાવે ભલાં તથા સાલસ હોવાથી નિરાશાજનક

રીતે ત્હેના માર્ગમાં વિઘ્નરૂપ થાય તેવાં ન્હોતાં, અને ત્રીજી પાસથી ત્હેને અનેક હરકતો વેઠીને પાળીપોષીને મ્હોટો કરનાર મામામામી બહુ રાજી થાય તેમ હતું. આવાં કારણોથી ત્હેણે પોતાના મામાની સૂચના સ્વીકારી. માર્કંડરાય તથા ધનવિદ્યાએ પણ મંજુલાનું મન જાણી લીધું. પરિણામે મધુકર અને મંજુલાનો વિવાહ કરવામાં આવ્યો અને છએક મહિના પછી શુભ મુહૂર્તે લગ્નસંબન્ધથી તેઓ જોડાયાં. બે જુદાં વ્હેતાં ઝરણાંઓનો બાહ્ય સંગમ થયો; જુદાં ફીટી એ બે વ્હેણો આન્તર સંગમથી એક થશે ખરાં?

૩.

મંજુલાની અધીરતા.

મધુકર **બી. એ.** ની પરીક્ષામાં બહુ ઉંચે નંબરે પાસ થવાથી તે પોતે જ્યાં અભ્યાસ કરતો હતો તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે ફેલો નીમાયો અને ત્હેને અંગે ત્હેને દરમહિને રૂ. ૫૦ મળવા માંડયા. ફેલોશિપ બે વર્ષ ચાલે તેમ હોવાથી ત્હેણે એમ. એ. થવાનો નિશ્ચય કર્યો. લગ્ન સમયે ત્હેને એકવીસમું વર્ષ ચાલતું હતું અને મંજુલાને પંદરમું પૂરૂં થયું હતું. રૂઢિના પ્રમાણમાં મંજુલા જરા મ્હોટી ઉમ્મરની થઈ ગયેલી હોવાથી લગ્ન પછી તરત જ તે સંસારમાં પ્રવેશ કરે તો સારૂં એમ મંજુલાનાં માતપિતાની તેમ જ મધુકરનાં મામામામીની ઇચ્છા હતી. મધુકરના મામા પોતાના ભાણેજની પ્રકૃતિ સારી રીતે સમજતા હતા, અને તેથી ત્હેની બાબતોમાં ત્હેને પ્હેલેથી પૂછ્યા વગર કાંઈ પણ પગલું તેઓ લેતા નહિ. આથી મામાભાણેજ વચ્ચે બહુ મીઠો અને સ્નેહભર્યો સંબન્ધ સચવાઈ રહ્યો હતો. મધુકરને ત્હેના મામાએ પૂછ્યું: “મધુકર, ત્હને મહિને પચાસ રૂપૈયા મળવા માંડયા છે અને બે વર્ષ સુધી તે ત્હને મળશે. તું સારૂં ભણ્યો છે એટલે પછીથી પણ ત્હારે પૈસા સંબન્ધી બહુ અડચણ નહિ પડે. મંજુલા મ્હોટી થઈ છે એટલે તું એને ત્હારી સાથે મુંબાઈ લઈ જાય તો કેમ?” મધુકર બધી સ્થિતિ સમજી ગયો. ત્હેણે માનથી પણ દૃઢતાથી ધીમે રહીને ઉત્તર આપ્યો: “મામા, તમ્હેં કહો છો તે પ્રમાણે મ્હને પૈસા સંબન્ધી હરકત નડે તેમ નથી એ વાત ખરી છે, પરન્તુ મ્હારો એવો મજબૂત મત છે કે સ્ત્રી સંસારમાં

પ્રવેશ કરે તે સમયે ત્હેને ઓછામાં ઓછાં સોળ વર્ષ તો પૂરાં થયેલાં હોવાં જ જોઈએ. લગ્નની બાબતમાં પણ જો મ્હારૂં ચાલ્યું હોત તો તો હું મોડું જ કરત, પરન્તુ તે બાબતમાં પરિસ્થિતિ સ્વીકારીને, તમને સર્વે વડિલોને માન આપીને, મ્હેં તમ્હારૂં બધાનું કહેવું કબૂલ રાખ્યું. હવે આ બાબતમાં તમ્હેં બધાં આગ્રહ નહિ કરો અને મ્હારૂં મન રાખશો એવી મ્હને આશા છે." મધુકર શાન્તિથી અને યુક્તિથી પણ દૃઢતાથી પોતાના સિદ્ધાન્તો અને ત્હેમનો પ્રયોગ પોતાની પરિસ્થિતિના પ્રમાણમાં જેટલે દૂર લઈ જઈ શકાય તેટલે દૂર લઈ જવા ચૂકતો નહિ, અને પરિસ્થિતિની પ્રબલતાને લીધે પોતાના પ્રિય સિદ્ધાન્તોનો પ્રયોગ થઈ શકે તેમ નથી જ એમ જ્યારે ત્હેની ખાત્રી થાય ત્યારે જ તે દોરી નરમ મૂકતો. ત્હેના મામા ત્હેની પ્રકૃતિ બહુ સારી રીતે સમજતા, એટલે ત્હેમણે આ બાબતમાં આગ્રહ કર્યો નહિ. પરિણામે કોઈ પણ જાતના ગંભીર સંઘર્ષણ સિવાય તે પોતાની દૃઢતાથી પોતાના અભિપ્રાયનો અમલ કરી શકયો.

મધુકર મુંબાઈ ગયો. ત્હેના મનમાં એમ હતું કે મંજુલાની બાબત હાલમાં તો આટલેથી જ અટકશે, પરન્તુ એક દિવસ ત્હેના ઉપર આવેલા એક પત્રે ત્હેને સાબીત કરી આપ્યું કે ત્હેની ધારણા તદ્દન ખરી ન હતી. તે પત્ર નીચે પ્રમાણે હતોઃ—

"મ્હારા વ્હાલા મધુકર,

કદાચિત્ તમને આ પત્ર જોઇને વિસ્મય થશે. તમ્હારા ઉપર મ્હેં આ પત્ર લખવાની હિમ્મત કરી છે તે અતિશય આનાકાની પછી જ, અને હજી પણ મ્હારા હૃદયમાં શંકા થયાં કરે છે કે આ પત્ર હું તમને લખું છું તે તમને ગમશે કે કેમ? વ્હાલા, જો મ્હેં તમને આ પત્ર લખ્યો છે તે તમને અયોગ્ય લાગે તો મ્હને ક્ષમા આપશો. પ્રેમની—શુદ્ધ આવેશભર્યા પ્રેમની—અનિવાર્ય પ્રેરણાથી જ મ્હેં આ પત્ર લખ્યો છે.

વ્હાલા, તમ્હેં મ્હારા હૃદયમાં કેટલો યે સમય થયાં વાસ કર્યો છે. તમ્હારી સાથે મ્હારો વિવાહ કરવાની વાત જ્યારે મ્હારાં માયાળુ માતાએ મ્હને કરી ત્યારે મ્હને કેટલોબધો આનન્દ થયો હતો તે મ્હારૂં મન જ

જાણે છે. વ્હાલા, દમ્પતીજીવનના કૈં કૈં તરંગો મ્હારા હૃદયમાં ઉછળી રહ્યા હતા, પરન્તુ યોગ્ય પતિ મળશે કે કેમ તે બાબત મ્હને બહુ ચિન્તા રહેતી. તમ્હારી સાથે મ્હારો વિવાહ થશે એમ મ્હેં જ્યારે જાણ્યું ત્યારે મ્હારા આનન્દનો પાર ન રહ્યો. આપણો વિવાહ થયા પછી ગુપ્ત રીતે તમને પ્રત્યક્ષ મળવાને મ્હને અત્યંત ઉત્કંઠા હતી, પરન્તુ સ્ત્રી-સહજ લજ્જા મ્હારા માર્ગમાં આવી. પછી તો તમ્હેં તરત જ મુંબાઈ ગયા. આપણા લગ્ન સુધી મ્હેં તમને મળવાની આશામાં ને આશામાં દિવસો ગાળ્યા. મ્હારા મનમાં હતું કે લગ્ન પ્રસંગે હું તમ્હારી સાથે છાનેમાને વાતચીત કરીશ, પરન્તુ મ્હારાથી તો શરમને માર્યે બોલી શકાયું નહિ અને તમ્હેં તો ન સમજાય તેવી રીતે મૌન ધારણ કર્યું હતું. લગ્ન પછી તો તરત જ તમ્હારી સાથે રહેવાનું થશે એવી મ્હારી માન્યતા હતી. પરન્તુ મ્હને સોળ વર્ષ પૂરાં થાય નહિ ત્યાં સુધી આપણો સહવાસ અશક્ય છે એવો તમ્હારો આગ્રહ જાણી મ્હને અત્યંત નિરાશા થઇ. તમને ગુપ્ત રીતે પ્રત્યક્ષ મળવાને ઘણા પ્રસંગો શોધ્યા પણ કમનસીબે ફાવી નહિ. વ્હાલા, તમને મળવાને, તમ્હારા સહવાસમાં નિત્ય રહેવાને, તમ્હારી સાથે શુદ્ધ સ્નેહનાં દિવ્ય સુખો ભોગવવાને હું કેટલી તલસું છું તે મ્હારૂં મન જ જાણે છે. વ્હાલા, મ્હને તમ્હેં મુંબાઈ ક્યારે લઈ જશો? મ્હારાં વ્હાલસોયાં માતપિતાને હું કેટલાં બધાં ચાહું છું તે કાંઇ તમને અજ્ઞાત નથી, અને છતાં કાંઇ ન સમજાય એવી શક્તિ મ્હને તમ્હારી પાસે આવવા નિરન્તર પ્રેર્યાં કરે છે. મ્હને અહીંઆં એકં રીતે જોતાં કોઇ વાતે ન્યૂનતા નથી, અને છતાં ખરે જ! તમ્હારા સિવાય, મ્હારા જીવનના આધાર સિવાય, બધુંયે નીરસ અને નિર્જીવ લાગે છે. વ્હાલા, આમ ને આમ ક્યાં સુધી ઝુરાવશો? મ્હને તમ્હારી પાસે ક્યારે બોલાવી લેશો? વિશેષ શું લખું?

તમ્હારા સહવાસ માટે તલસતી

તમ્હારી મંજુલા."

મધુકરે આ પત્ર, પોતાની પ્રિયતમાનો પ્હેલો પત્ર, પોતાની જીવન-સખીના હૃદયનો પ્રથમ ઉદ્દગાર ઉંચી ભાવમયતાથી વાંચ્યો,–પુનઃ પુનઃ વાંચ્યો. અહો! કેવો ઉમળકો! કેવો સ્નેહનો આવેશ! કેવું પતિસ્નેહ માટે તલસતું હૃદય! આ સર્વે ઉન્નત ભાવોનો પ્રતિધ્વનિ મધુકરના સંસ્કારી

હૃદયે કર્યો,–પણ પેલો સંયમનો સિદ્ધાન્ત! પેલી વ્યવહારની પથ્ય મર્યાદા! મધુકર કરતાં ઓછા વિચારશીલ યુવાનનું મગજ આવા ઉમળકાભર્યા પત્રથી એવું તો સ્નેહમત્ત બનત કે બધા યે નિર્ણયો હવામાં ઉડી જાત, પરન્તુ મધુકર એવો નિર્બળ ન્હોતો. મધુકર ભાવનામય હતો, ભાવમય હતો, ઉત્સાહમય હતો, પરન્તુ ત્હેનું મગજ હમેશાં ઠેકાણે રહેતું. ત્હેણે સામાજિક પ્રશ્નો ઉપર એટલું બધું વાંચ્યું હતું અને વિચાર્યું હતું કે ત્હેને આજે જ કાંઇ નવો નિર્ણય કરવાનો ન્હોતો. જે કરવાનું હતું તે માત્ર એટલું જ કે કરેલા નિર્ણયનો નવી સ્થિતિમાં પ્રયોગ. ત્હેણે ઘડીભર શાન્તિથી વિચાર કર્યો, અને પછી ટેબલ ઉપર બેસી નીચેનો પત્ર લખ્યો:—

"પૂજ્ય શ્રી માર્કંડરાયજી,

આપને વિદિત જ છે કે સ્ત્રીનો સંસારપ્રવેશ સોળ વર્ષ પૂરાં થયા પ્હેલાં ન થવો જોઇએ એવો મ્હારો દૃઢ અભિપ્રાય છે, અને સૌ. મંજુલાને તેટલા જ માટે મુંબાઈ મ્હારી સાથે લાવવાની મ્હેં ના પાડી હતી. સૌ. મંજુલાનો આજે મ્હારા ઉપર પત્ર આવ્યો છે. અમ્હારો સંસારપ્રવેશ થતા પ્હેલાં અમ્હેં બન્ને પત્રવ્યવહારની નિર્દોષ છૂટ લઇએ તો આપને કાંઈ બાધ નહિ હોય એવી હું આશા રાખું છું. આપને કદાચિત્ આ પત્રથી આશ્ચર્ય લાગશે, પરન્તુ આપણી હાલની રૂઢિની સ્થિતિમાં આપનાથી ગુપ્ત આવો વ્યવહાર રાખવો એ મ્હને ઉચિત ન લાગવાથી આપણા લોકોની દૃષ્ટિથી અમર્યાદિત ગણાય એવો અને ભાવનામય સ્નેહીઓની દૃષ્ટિથી અનાવશ્યક લાગે એવો આ પત્ર લખ્યો છે. એનો ઉત્તર વળતી ટપાલે લખવા કૃપા કરશો. પૂ. સૌ. ધનવિદ્યાને મ્હારા પ્રણામ કહેશો. હું કુશળ છું; આપ સર્વે હશો.

લે. આજ્ઞાંકિત મધુકર."

ત્રીજે દિવસે નીચે પ્રમાણે પત્ર આવ્યો:–

"ચિ. મધુકર,

તમ્હારા પત્રથી મ્હને અત્યંત આનંદ થયો. તમ્હારા જેવા યોગ્ય જમાઇ મળવા એને હું જેવું તેવું ભાગ્ય માનતો નથી. મંજુલા અમને બન્નેને પ્રાણ કરતાં પણ વધારે વ્હાલી છે. એનું મન અમ્હે

કોઇ બાબતમાં દુભાવ્યું નથી. તમ્હેં સમજુ છો અને તમ્હારા ઉપર મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે. તમ્હેં બન્ને સુખી થાઓ તેમ બેલાશક કરજો. અત્ર સર્વે કુશળ છે. તમ્હારી કુશળતા જાણી નિવૃત્તિ થઇ. એ જ.

લે. શુભચિન્તક **માર્કંડરાયના** આશીર્વાદ."

માર્કંડરાયનો માયાળુ પત્ર વાંચી **મધુકરનું** હૃદય આર્દ્ર બન્યું. પછી તરત જ ત્હેણે **મંજુલા** ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યો:—

" મ્હારી વ્હાલી **મંજુલા**,

ત્હારો સ્નેહભર્યો પત્ર વાંચી મ્હને અત્યંત આનંદ થયો છે. 'મ્હારી પત્ની મ્હને શુદ્ધ હૃદયથી ચ્હાય છે' એ ખાત્રી જેવું પુરૂષના જીવનમાં બીજું આશ્વાસન કે પ્રોત્સાહન નથી. ત્હને ઊર્મિ થઇ આવી ને ત્હેં મ્હારા ઉપર ઉમળકાભર્યો પત્ર લખ્યો એમાં ત્હેં કાંઇ પણ અનુચિત કર્યું નથી. તે સંબન્ધમાં નિશ્ચિન્ત રહેજે.

ત્હારા ઉપર હું તરત જ પત્ર લખત, પરન્તુ પૂજ્ય શ્રી **માર્કંડરાયજીની** સંમતિ લેવી આપણી સ્થિતિમાં વધારે યોગ્ય અને સલામત લાગી. મ્હારી વિજ્ઞપ્તિના ઉત્તરમાં ત્હેમની સંમતિ આવી ગઇ છે ને તે પત્ર હું આ સાથે બીડું છું.

આજ સુધીમાં મ્હેં ત્હને અજાણ્યે નિરાશ કરી તે માટે હું ખરેખર દિલગીર છું. મ્હારે કહેવું જોઇએ કે મ્હને મળવાની ત્હારી ઇચ્છા મ્હેં જાણી હોત તો પણ તું કહે છે એ રૂપમાં કદાચિત હું તે પાર પાડી શકત નહિ. ત્હારાં માતપિતાથી ગુપ્ત રીતે તો ત્હને હું કોઇ દિવસ મળત જ નહિ, કારણ કે માતપિતાની સંમતિ વગર ગુપ્ત રીતે એકાન્તમાં મળવું એ મ્હને બરાબર લાગતું નથી. સંસારપ્રવેશ પૂર્વે પતિપત્ની એકાન્તમાં મળે એના ભય સ્પષ્ટ છે, અને અમુક આવશ્યક પરિસ્થિતિ વગર તેવી છૂટ લેવી એ મ્હને સલામત લાગતું નથી. સંસારપ્રવેશ પૂર્વે જે જરૂરનું છે તે માનસિક પરિચય છે કે જેથી પતિપત્નીના સ્નેહનું સંવર્ધન થાય. તે માનસિક પરિચય આપણે પત્રવ્યવહાર દ્વારા કરી શકીશું.

વ્હાલી! ત્હને મળવાને, ત્હારી સાથે દંપતીજીવનનાં દિવ્ય સુખો ભોગવવાને, ત્હારી સાથે જીવનના ગંભીર ધર્મો બજાવવાને હું ઓછો

ઉત્સુક નથી, પરન્તુ મંજુલા, આપણે આપણા જીવનની મર્યાદાઓ સ્વીકારવી જોઇએ અને આપણી જીવનનૌકાને નિરર્થક ભયોમાંથી બચાવવી જોઇએ. હવે માત્ર વર્ષની વાર છે. તે પછી તું સુખેથી મ્હારી સાથે મુંબાઇ આવજે, અને મ્હારી રંક મઢૂલીને સ્વર્ગસમી બનાવજે. દરમ્યાન આપણો માનસિક પરિચય પત્રવ્યવહારથી જેટલો ગાઢ થઇ શકે તેટલો કરીશું.

લે. ત્હારો મધુકર."

૪.

મંજુલાના ગૃહસ્થાશ્રમનો પ્રારમ્ભ.

મંજુલાને સોળમું વર્ષ પૂરૂં થયું એટલે મુંજુલા અને મધુકરના સંસારપ્રવેશનો વિધિ થયો. યુવાનયુવતીઓના મનમાં આ પ્રથમ સંમેલનનો પ્રસંગ કાંઇક અનેરી કાવ્યમયતાથી રંગાયલો હોય છે. પોતાને દોડવાની શરૂઆત કરવાની રજા મળે તે પ્હેલાં સરતનો ઘોડો જેવો તનમનાટ કરી રહ્યો હોય છે તેવો જ તનમનાટ મંજુલાનું મન જીવનના આ એક પરમ પ્રસંગને માટે કરી રહ્યું હતું. મધુકરની ભાવમયતા ઓછી પ્રબળ ન્હોતી, પરન્તુ ત્હેનો આવિર્ભાવ વધારે સંયમવાળો હતો. મંજુલા અને મધુકર મળ્યાં,—વર્ષાઋતુના નવા પાણીના પૂરથી ઉછાળા મારતી નદી ગંભીર સાગરને મળે થાય તેમ તે બે મળ્યાં. પ્રભુકૃપાથી ત્હેમના જીવનનો આ એક પરમ પ્રસંગ એવો તો સ્નેહમય, શાન્તિમય, સુખમય બન્યો કે સર્વદા ત્હેનું સ્મરણ આલ્હાદજનક થાય.

ગરમીની રજા હોવાથી, ઉક્ત પ્રસંગ પછી મધુકર થોડા દિવસ અમદાવાદમાં જ રહ્યો. મંજુલાને ઘરકામની ચિન્તા નહિ અને મધુકરને પણ બીજું કાંઇ ખાસ કામ નહિ, એટલે બન્ને નિશ્ચિન્તતાથી આનન્દ અનુભવતાં હતાં. મંજુલા તો ગાંડી ગાંડી થઇ ગઇ હતી. ત્હેના આનન્દનો પાર જ ન્હોતો. આ તે સત્ય કે સ્વપ્ન! લાંબા સમયના પોતાના મનોરથોને સિદ્ધ થતા જોઇ મંજુલા રાજી રાજી થઇ ગઈ હતી. અધુરામાં પૂરૂં ત્હેને મધુકરની સાથે મુંબાઇ જવાનું નક્કી થયું હતું, એટલે ત્હેના ઉલ્લાસમાં શી મણા?

દુ:ખભર્યા દોહ્યલા દિવસો પણ વહી જાય છે તો સુખના દિવસો ક્યારે ચાલ્યા ગયા ત્હેની ખબર પણ ન પડે ત્હેમાં શી નવાઇ ? મધુકરની રજા પૂરી થઈ અને મુંબાઇ જવાનું આવ્યું. માર્કંડરાય અને ધનવિદ્યાને માટે મંજુલાના વિયોગનો પ્રસંગ ન સહી શકાય એવો હતો. ત્હેમણે પોતાની એકનીએક પ્રાણથી પણ અધિક વ્હાલી પુત્રીને કદી પણ અળગી કરી ન્હોતી. પુત્રીને સાસરે વળાવવાનો પ્રસંગ મનુષ્યજીવનનો એક કરૂણમાં કરૂણ પ્રસંગ છે. મંજુલાને વિદાય કરવાનો પ્રસંગ માર્કંડરાય અને ધનવિદ્યાના જીવનમાં મર્મભેદક કરૂણાતાવાળો પ્રસંગ હતો. અસહ્યમાં અસહ્ય પ્રસંગો પણ ખમ્યા વિના છૂટકો નથી. આખરે વ્હાલસોયાં માતપિતા પોતાની વ્હાલી પુત્રીથી વિખુટાં પડ્યાં. "બ્હેન, સંભાળીને જજે. કાગળ લખજે,"—એમ ડુસકાં ખાતે ખાતે મંજુલાને ધનવિદ્યા કહે છે ત્યાં તો આવા અનેક પ્રસંગોને જોઇ જોઇ રીઢી બની ગયેલી આગગાડી ઉપડી અને રોતાં હૃદયોની પરવા કર્યા વગર ત્હેમને પાછળ મૂકીને ચાલી.

મધુકરે પ્હેલેથી રૂ. ૧૫ ના માસિક ભાડાની રૂમ ભાડે રાખી હતી. ત્હેણે ફેલોશિપના રૂપૈયામાંથી રૂ. ૪૦૦ બચાવ્યા હતા. ત્હેમાંથી ત્હેણે રૂ. ૨૦૦ નો સુઘડ અને સુન્દર ફર્નિચર આણ્યો હતો. એક કપડાં માટે આખા અરીસાવાળું કબાટ, એક પુસ્તકો માટે કબાટ, એક લખવા માટે ટેબલ, ચાર સાદી ખુરશીઓ, બે આરામ ખુરશીઓ, અને એક પલંગ: એટલો ફર્નિચર યોગ્ય સ્થાને આગળના ખંડમાં ગોઠવ્યો હતો. રૂમ બહુ ખીચોખીચ ન લાગે તેમ જ બહુ ખાલી પણ ન લાગે ત્હેની સંભાળ રાખવામાં આવી હતી. રસોડામાં દૂધશાક મૂકવાને માટે ગૅાઝનું કબાટઘાટનું પીંજરૂં હતું, જેથી એક પાસથી ઉંદર અને બીજી પાસથી જન્તુઓથી દૂધશાક સુરક્ષિત રહે. ફર્નિચર ઉપરાંત રૂ. ૧૦૦ નાં સારાં વાસણો પણ મધુકરે આણી મૂક્યાં હતાં. રૂ. ૧૦૦ જરૂરી પ્રસંગ માટે રાખ્યા હતા. રજામાં અમદાવાદ જતા પ્હેલાં મધુકરે લગભગ બધો સરસામાન આણી મૂકયો હતો કે જેથી મંજુલા આવે ત્યાર પછી ખટખટ કરવી ન પડે. મધુકર એકંદરે સાદો અને પોતાની સ્થિતિ પ્રમાણે રહે તેવો હતો, છતાં તે ઉંચી સંસ્કારિતાવાળો હતો. ત્હેના શોખ ઘણા ઉંચી જાતના હતા અને ત્હેને જેવીતેવી વસ્તુઓ ગમતી નહિ. મધુકરે આણેલો સરસામાન જેમ એક બાજુથી પોતાની સ્થિતિની અન્દર રહેવાની ત્હેની પ્રકૃતિની સાબીતી

આપતો હતો તેમ બીજી બાજુથી ત્હેની દીર્ઘદૃષ્ટિની અને ત્હેની ઉચ્ચ રૂચિનું સૂચન કરતો હતો. જેવી ધર્મબુદ્ધિથી અને જેવી કાર્યદક્ષતાથી તે વિચારના ઉચ્ચ પ્રદેશોમાં વિહરતો તેવી જ ધર્મબુદ્ધિથી અને તેવી જ કાર્યદક્ષતાથી ગૃહજીવનની ઝીણી ઝીણી બાબતોમાં પણ તે ઉતરતો. અંગ્રેજી-માં જેને " Art of making a home " અર્થાત્ " ગૃહજીવનની કલા " કહે છે ત્હેમાં એને ખાસ રસ પડતો. ગૃહજીવનના સંબન્ધમાં ત્હેણે ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં, અને તે ઉપરથી ગૃહજીવનની ઉંચી ભાવ-નાઓએ ત્હેના મગજમાં વાસ કર્યો હતો. જેમ મનુષ્યો વિનાનું ગૃહ એ શૂન્ય અરણ્ય સમાન લાગે છે, તેમ સુઘડ સરસામાન વગરનું ગૃહ પણ ત્હેને શૂન્ય અરણ્ય સમાન લાગતું. આપણાં કુટુમ્બોમાં કંકાસો થતા હોવા છતાં એકંદરે આપણાં ગૃહો જેટલે અંશે સ્નેહનાં મન્દિરો છે તેટલે અંશે તે સગવડ અને સૌન્દર્યનાં સદનો નથી એવી ત્હેની સામાન્ય ફરિયાદ હતી. પોતાનું ગૃહ સ્નેહનું તેમ જ સૌન્દર્યનું મન્દિર બને એવી ત્હેના મનમાં પ્રબલ ઇચ્છા હતી. પોતાના ગૃહજીવનમાં વ્હાલની સાથે વ્યવસ્થાને પણ સ્થાન મળે એ જોવા તે બહુ ઇંતેજાર હતો. એકલી વ્યવસ્થા તો ' હોટેલ ' માં પણ મળે, પરન્તુ ' વ્હાલ ' અને ' વ્યલસ્થા ' બન્ને સાથે તો ' હોમ ' માં—ગૃહમાં જ મળી શકે એમ ત્હેનો નિશ્ચય હતો. ગૃહજીવનના આવા ઉચ્ચ મનોરાજ્યને જીવનમાં મૂર્તિમંત કરવાનો પ્રસંગ મધુકરને મળ્યો હતો, અને પોતાનો ભાગ આપવા મધુકર તત્પર હતો. મંજુલા કેટલે અંશે પોતાનો ભાગ આપશે ?

મધુકરે પોતાના મિત્ર અમરેન્દ્રને પ્હેલેથી લખ્યું હતું એટલે ત્હેણે મધુકરને માટે ચાલીના છૂટક ઘાટીની સાથે ઘરકામને માટે નક્કી કરી રાખ્યું હતું, અને ત્હેની પાસે મધુકરના આવવાને પ્હેલે દિવસે રૂમ સાફસૂફ કરાવી હતી અને પાણી ભરાવી રાખ્યું હતું. અમરેન્દ્ર મધુ-કરને અને મંજુલાને લેવા સ્ટેશન ઉપર આવ્યો હતો. વિકટોરિયા ભાડે કરી તેઓ ઘેર પ્હોંચ્યાં. સામાન રૂમમાં મૂકાવી, દાતણપાણી વગેરેથી પરવારી મધુકર અને મંજુલા અમરેન્દ્રને ત્યાં ગયાં. ત્યાં અમરેન્દ્રની પત્ની મૃદુલાએ ચ્હા વગેરે તૈયાર કરી રાખ્યું હતું. સીધુંસામાન આણવાનો બાકી હોવાથી તે દિવસે સ્હવારે દસ વાગ્યે પોતાને ત્યાં જ જમવાનું રાખવાનો આગ્રહ અમરેન્દ્રે કર્યો ને તે મધુકરે સ્વીકાર્યો. ચ્હા

પી મધુકર તથા મંજુલા પોતાની ઓરડીએ પાછાં ગયાં. મધુકરે મંજુલાને ફર્નિચર તથા બીજો સરસામાન બતાવ્યો. પછી મંજુલાને એકલી મૂકી તે મોદીને ત્યાં સીધું લેવા ગયો. મધુકર માત્ર એકમાર્ગી ન્હોતો; ત્હેના મામામામીના હાથ નીચે ઉછરેલો હોવાથી ઘરને અંગેનું કામકાજ તે સારી રીતે સમજતો. પોતાને જોઇતા સામાનની યાદી મોદીને લખાવી, તે સામાન વેળાસર ઘેર મોકલવાનું કહી તે શાક વગેરે ખરીદવા ગયો. તે ઘેર આવ્યો ત્યારે જોયું કે મોદી સામાન મૂકી ગયો હતો. દરમ્યાન મંજુલા તો થોડો વખત અમસ્તી બેસી રહી હતી, અને થોડો વખત ચોપડીઓના કબાટમાં કઇ કઇ ચોપડીઓ છે તે જોવામાં ત્હેણે ગાળ્યો હતો. મધુકર સ્થિતિ સમજી ગયો, પરન્તુ કાંઈ બોલ્યો નહિ. દસ થવા આવ્યા હતા એટલે મધુકર અને મંજુલા અમરેન્દ્રને ત્યાં જમવા ગયાં. અમરેન્દ્રને ત્યાંથી જમીને ઘેર આવ્યા પછી મધુકરે તથા મંજુલાએ જરા આરામ લીધો.

બારેકને શુમારે મધુકરે મંજુલાને કહ્યું: “જો, ઘરને માટે કેટલોક પરચુરણ સામાન લાવવાનો છે તે લેવા હું જાઉં છું. અઢીત્રણે હું પાછો આવીશ. દરમ્યાન તું મોદીને ત્યાંથી આવેલો આ સામાન અભરાઇ ઉપરના ડબ્બાઓમાં ભરી દેજે, અને આ તેલઘી વગેરે આ બરણીઓમાં ભરી દેજે. આજે સ્હાંજે પાંચ વાગ્યાને શુમારે અમરેન્દ્ર વગેરે ચ્હા પીવા આવવાનાં છે. આ ટ્રંકો વગેરે પણ ઘાટીની પાસે ઉંચી મૂકાવી દઇ આ ખંડ સ્વચ્છ અને વ્યવસ્થિત દેખાય એમ કરજે.” આમ કહીને મધુકર સામાન લેવા ગયો. મંજુલા એકલી પડી. ક્યાં ત્હેના દંપતીસુખના મીઠા મનોરથ અને ક્યાં ઘરકામની નીરસ માથાકૂટ! પ્હેલી વાર ત્હેની આંખ ઉઘડી. પ્હેલી વાર ત્હેને દંપતીજીવનની શુષ્ક બાજુનું ભાન થયું. તે તો બીચારી ધારતી હતી કે બે જણાં સાથે બેશીને મીઠી મીઠી વાતો કરીશું, બેજણાં સાથે સારાંસારાં કાવ્યો અને સારી સારી નવલ કથાઓ વાંચીશું, બે જણાં સાથે નાટકો ને સીનેમેટોગ્રાફ જોવા જઇશું, બે જણાં સાથે સભાઓમાં જઇશું, બે જણાં સાથે દરિયા ઉપર ફરવા જઇશું, અને બે જણાં સાથે એવી એવી જીવનની મજાઓ ભોગવીશું. દંપતી-જીવનને અંગે જેમ લલિત સુખો ભોગવવાનાં છે તેમ ગંભીર ધર્મો પણ બજાવવાના છે ત્હેનું ભાન એને બીચારીને જોઇએ તેવું ન્હોતું.

ત્હેણે પોતાના બાપને ત્યાં કોઈ દિવસ કાંઇ કર્યું ન હતું અને તેથી ત્હેને ઘરકામમાં સ્હેજ પણ ગતાગમ પડે તેમ ન હતું. પોતાના આગળ પડેલો સામાન જોઈ તે ગભરાઈ અને ગળગળી થઈ ગઈ. "આ બધું તે હું કેવી રીતે ગોઠવી શકીશ?" એવી મૂંઝવણ ત્હેને થઇ. વિચારમાં ને વિચારમાં તે આરામ ખુરશી ઉપર પડી. મુસાફરીના થાકને લીધે આંખ મળી ગઇ. અર્ધોપોણો કલાક પછી તે ઉઠી. 'હમણાં આ બધું ગોઠવી દઉં છું' કરીને નવલકથા વાંચવા બેઠી. વાંચવાના રસમાં ને રસમાં વખતનું ભાન રહ્યું નહિ. અઢીનો શુમાર થયો એટલે મધુકર ઘરમાં આવ્યો. મધુકરને દેખી મંજુલા સ્હેજ ગભરાઇ, પણ 'મ્હારા વ્હાલા કાંઇ મ્હને કશું કહેવાના છે?'— એમ ધારી શાન્ત થઇ. મધુકરે બધું એમ ને એમ પડેલું દીઠું ત્યારે ત્હેના જીવને ઘણું દુઃખ થયું. એક તો તે સ્વચ્છતા અને વ્યવસ્થાનો અતિશય અનુરાગી હતો અને પોતાના ઘરમાં તે એનો વાસ સદૈવ રહે એવું તે ઇચ્છતો હતો, બીજું બ્હારનાં માણસ આવવાનાં છે તે મંજુલાને કહેવામાં આવ્યું હતું છતાં બીજું કાંઇ નહિ તો સારાં દેખાવાને માટે પણ મંજુલાએ સામાન ગોઠવી દેવો જોઇતો હતો એમ એને લાગ્યું. ત્રીજું, ત્હેનું ધારવું એમ હતું કે પોતાની પત્ની એવી ઉંચી ભૂમિકાની હોવી જોઇએ કે ત્હેને આવી ગૌણ બાબતોમાં કહેવું જ ન પડવું જોઇએ, અને કહ્યા પછી તો ત્હેણે તે કરવું જ જોઇએ. આવી ભાવનામયતાને લીધે મધુકરના મનમાં લાગણી ઘણી પ્રબળ થઇ, છતાં મધુકર અત્યંત સ્નેહમય અને સમજુ હોવાથી પોતાની લાગણી ત્હેણે પોતાને વશ રાખી. માત્ર મંજુલા ભવિષ્યમાં આવું ન કરે તેવા શુભ આશયથી બહુ જ ધીમે રહીને વ્હાલથી ત્હેણે મંજુલાને કહ્યું: "મંજુલા, હજી સુધી આ બધું ગોઠવ્યું નથી? ઘરમાં બધું સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવું જોઇએ, અને ત્હેમાં આજ બધાં આવવાનાં છે ને ઘરમાં બધું અસ્વચ્છ અને અવ્યવસ્થિત હોય તો આપણા ઘરનું કેવું દેખાય? વાંચવાનો શોખ સારો છે, પરન્તુ ઘરનું કામકાજ પ્હેલું કરવું જોઇએ." મંજુલાને આજસુધીમાં આવું કોઇએ કહ્યું ન્હોતું. ત્હેને તો અત્યંત લાગી ગયું અને તે એકદમ રડી પડી. ત્હેને પોતાની ભૂલ દેખાઇ જ નહિ; ત્હેને તો મધુકરનો જ દોષ દેખાયો. "મધુકર મ્હને ખરા દિલથી

વ્હાતા હોય તો તેઓને મ્હારી ભૂલ પ્હેલી તો જણાય જ નહિ, જણાય તો તે ત્હેમને મન વસે જ નહિ, અને કદાચિત્ વસે તો પણ તેઓ મ્હને કહે જ નહિ. ત્હેમને સ્વચ્છતા અને વ્યવસ્થા માટે દરકાર છે, મ્હારે માટે દરકાર નથી." મધુકરે ત્હેને સમજાવી છાની રાખી ને આખરે તે સમજી હોય તેમ દેખાયું પણ ખરૂં. બન્ને જણાંએ અન્દર જઇ બધો સામાન ગોઠવ્યો, પરન્તુ મંજુલાના મનમાં અસંતોષનું બીજ પ્હેલા જ દિવસથી નંખાયું. મંજુલાની પોતાની જ ભૂલ હતી, મધુકરે બીચારાએ પોતાની લાગણીની તીવ્રતા દબાવી ઘણી જ નરમાશ-થી કહ્યું હતું, તે પછી સ્પષ્ટ શબ્દોમાં બીચારાએ પોતાનો આશય સમજાવ્યો હતો અને તે ઉપરાંત બધું ગોઠવી દેવામાં મુખ્ય કામ મધુકરે કર્યું હતું. પણ તે બધું યેં હવામાં ઉડી ગયું ને મંજુલાને મન તો બસ મધુકરનો જ વાંક વસ્યો. સ્હાંજે અમરેન્દ્ર વગેરે ચ્હા પીવા આવ્યાં, પરંતુ મંજુલા તે બધાના આનન્દમાં પૂરા હૃદયથી ભાગ લઇ શકી નહિ.

મધુકર ને મંજુલા એકબીજાને અત્યંત વ્હાતાં હતાં એટલે ત્હેમનું જીવન એકંદરે બહુ સુખમાં ને શાન્તિમાં જતું. પરન્તુ પ્રથમ જ દિવસે બન્યો હતો તેવા અપ્રિય પ્રસંગો ગેરસમજને લીધે વારંવાર બનતા. બેશક, મધુકરને સ્વચ્છતા, વ્યવસ્થિતતા, નિયમિતતા અતિશય વ્હાલાં હતાં, અને પોતાના ગૃહમાં તેઓ વ્યાપી રહ્યાં હોય તે જોવા તે બહુ ઈંતેજાર હતો, પરન્તુ તેટલા જ માટે તે મંજુલાને દુઃખી કરે કે ત્રાસ આપે એવો મૂર્ખ કે નિર્દય ન્હોતો; છતાં બીજી બાજુથી 'ઘર હોય ત્યાં ગંદવાડ જ હોય' એવું સૂત્ર સ્વીકારી તે બેશી રહે તેવો ન્હોતો તેમ જ અપ્રિય પ્રસંગોથી કંટાળીને 'કંઇ નહિ ત્યારે, મંજુલાને ફાવે તેમ કરવા દો' કરીને નિરાશ થઇ જાય તેવો પણ ન્હોતો. તે ઇચ્છતો કે મંજુલા ત્હેનો આશય સમજે ને ઘરમાં અપ્રિ-યતા ન થાય, પરન્તુ તે બીચારો કેટલું કરી શકે? તે ઉંચી ધર્મ-બુદ્ધિથી તથા ઉંચા શોખથી પ્રેરાયો હતો, અને ત્હેને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે આખરે સ્નેહથી, ધૈર્યથી, યુક્તિથી અને દૃઢતાથી તે ફાવશે અને મંજુલાને એક આદર્શરૂપ ગૃહિણી બનાવી શકશે. પરન્તુ મંજુલાનો અસંતોષ દિવસે દિવસે વધતો ગયો અને ત્હેને મન મધુકરની વ્યવસ્થા

ઉપરની પ્રીતિ ક્રૂરતાને રૂપે દેખાવા લાગી. કેવી નિરાધાર અને છતાં સ્વાભાવિક ગેરસમજ! ગરીબ બીચારો મધુકર!

૫.

મંજુલાનો મંદવાડ.

એમ ને એમ નરમગરમ થતે થતે, આનન્દની પરિસીમા અને નિરાશાજનક અપ્રિયતા વચ્ચે ઝોલાં ખાતો મધુકર ને મંજુલાનો ગૃહ-સંસાર ચાલતો હતો. ત્રણ મહિના વીતી ગયા. ચોમાસું લગભગ ચાલી ગયું. તેવામાં મંજુલાને મૅલેરિયા લાગુ પડ્યો. તાવ પુષ્કળ આવે, અશક્તિ પુષ્કળ દાખવે, માથું દુખ્યાં કરે, હાડકાં અતિશય કળે અને પેટમાં ભાર લાગ્યાં કરે. મંજુલા મૂળ તો સારી સ્થિતિમાં ઉછરેલી અને એકંદરે પોચી એટલે આ મંદવાડથી બહુ નરમ બની ગઇ. મધુકરે તરત જ ડૉક્ટરની દવા શરૂ કરી દીધી હતી. ત્હેણે અમદાવાદ માર્કંડરાય ઉપર મંજુલાની તબિયત ઠીક નથી એમ કાગળ પણ લખ્યો હતો, પરન્તુ ત્હેમને ચિન્તા ન થાય એટલે વિગતવાર લખ્યું ન્હોતું. મધુકર મંજુલાની પાસે લગભગ આખો દિવસ બેસી રહેતો, ત્હેને શરીરે પોતાનો હાથ હલકે હલકે ફેરવતો, ત્હેની કમ્મર અને પાંસળાં દબાવતો, ત્હેના પગ ચાંપતો, ત્હેની દવા ડૉક્ટરને ત્યાંથી વખતસર લઇ આવતો ને ત્હેમની સૂચનાનુસાર મંજુલાને આપતો. મંજુલાને જે કંઇ ખાવાની રૂચિ થાય તે ડૉક્ટરની રજા લઇને જાતે કરી આપતો, ત્હેને ગમે તેવી સારી વાર્તાઓ ત્હેની પાસે વાંચતો. ટૂંકામાં, અત્યંત સુકુમાર સ્નેહથી મધુકર મંજુલાની સારવાર કરતો, અને મંજુલાને સ્હેજ પણ શ્રમ પડવા દેતો નહિ. મંજુલાને માટે ત્હેણે પૈસા કે મહેનતનો વ્યય કરવામાં સ્હેજ પણ કચાશ રાખી ન્હોતી. તે ઉપરાંત, મધુકર ઘરમાં બધું પોતાને હાથે કરતો, અને બધું અત્યંત સ્વચ્છ તથા વ્યવસ્થિત રાખતો. આખો દિવસ તે રોકાયલો રહેતો એટલે સ્હાંજના પ્હોરનો તે બીચારો સ્વાભાવિક રીતે થાકી જતો, અને છતાં મંજુલાને રાત્રે સ્હેજ પણ ખપ પડે તો એકદમ જાગી ઉઠતો. જીવનના પાઠ શીખવવા કુદરત અગમ્ય માર્ગો યોજે છે અને દેખીતી આપત્તિઓ પરિણામે અનન્ત સુખની આપનારી

નીવડે છે. મંજુલાના મંદવાડના સંબન્ધમાં પણ તેમ જ બન્યું. મંજુલાને જોવાની—ન વીસરી શકાય એવી રીતે જોવાની તક મળી કે મધુકર ત્હેને પોતાને કેવા શુદ્ધ, નિઃસ્વાર્થ અને ઉચ્ચ ધર્મબુદ્ધિથી પ્રેરિત સ્નેહથી ચ્હાતો હતો, અને જે સ્વચ્છતા, વ્યવસ્થિતતા અને નિયમિતતા ઉપર ત્હેને અનુરાગ હતો તે માટે તે જાતે કેટલો બધો શ્રમ લેતો હતો. મધુકરને પણ જણાયું કે ગૃહ તદ્દન સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવું એ દેખાય છે તેટલું સ્હેલું નથી. પરિણામે મંજુલાનો મંદવાડ પતિપત્નીના સમાધાન માટે પરમેશ્વરે પ્રેરેલા દેવદૂત સમાન નીવડયો. આખરે મંજુલાનો મંદવાડ તો ગયો, પરન્તુ ત્હેનો હિતકારક બોધ હમેશને માટે પાછળ મૂકતો ગયો. મંદવાડે મંજુલાને બીજો જન્મ આપ્યો.

૬.

મંજુલાનું જન્માન્તર

દીવાળીનો દિવસ હતો. મંદવાડ ગયે બહુ વખત ન્હોતો થઈ ગયો છતાં મંજુલાએ શ્રમ લઇને ગૃહને બહુ સુશોભિત કર્યું હતું. આડોશી-પાડોશીને પૂછીકરીને અનેક સારી વાનીઓ બનાવી હતી. મધુકર મિત્રોને મળવાકરવા સ્હવારનો બ્હાર ગયો હતો. તે આવ્યો ત્યારે આગળનો ખંડ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને સુન્દર જોઈ ત્હેને બહુ આનન્દ થયો. મંજુલાને અભિનન્દન આપવા ત્હેને ઉત્કંઠા થઈ પરંતુ તે જરા થોભ્યો. કપડાં કહાડી સ્નાન કરી તે પાછળના ખંડમાં જમવા માટે દાખલ થયો. ત્હેના આનન્દમાં અત્યંત વૃદ્ધિ થઈ. મંજુલાએ પોતાની જ હોંસથી રંગોળી પૂરી ધૂપ સળગાવી મધુકરની બેઠક આગળ મનોહર શોભા કરી હતી. જેમ જેમ વાનીઓ ખાતો ગયો તેમ તેમ એક કરતાં એક ચઢીયાતી લાગી. મધુકરના આનન્દની પરિસીમા ન રહી. તે કૃતકૃત્યતાની વૃત્તિ અનુભવવા લાગ્યો. ત્હેણે અત્યંત પ્રસન્ન થઈ કહ્યું: “મંજુલા મ્હારાં અન્તઃકરણપૂર્વક અભિનન્દન.” જે ખંડ મંજુલાને હમેશાં સમરાંગણ જેવો લાગતો તે આજે સ્વર્ગ સમાન લાગ્યો. મધુકરે પૂછ્યું: “મંજુલા, આ તે વ્હાલ કે વ્યવસ્થા?” ઉત્તર મળ્યો: “વ્હાલા, વ્હાલ ને વ્યવસ્થા બન્ને.”

૩.

એને જગાડું કે જાતે હીંદોળું ?

એક મીઠું મનોમન્થન.

"એને જગાડું કે જાતે હીંદોળું ?–એ મહાપ્રશ્ન રસિકના મનનું મન્થન કરી રહ્યો હતો,–અને કાં ન કરે ? સામાન્ય સંસારી જનોની સૃષ્ટિથી રસિક જનોની સૃષ્ટિ ન્યારી જ હોય છે.

રાત્રિના–ઘોર અંધારી રાત્રિના–બાર સાડાબાર વાગ્યા હશે. બધાં સૂઈ ગયાં હતાં,–માત્ર રસિક જાગતો હતો. "જે નિશા સર્વ ભૂતોની ત્હેમાં જાગે છ સંયમી"–એમ શું નથી કહ્યું ? રસિક સંયમી હતો ? હો વા ન હો,–તે સર્વ ભૂતોની નિશાના સમયે જાગતો હતો ખરો. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થનું કાવ્ય તે વાંચતો હતો,–વાંચવામાં તન્મય થઈ ગયો હતો. તે તન્મયતા વિરામ વગરની ન હતી. વિરામો શાને લીધે ? નજીવાં દેખાતાં કાર્યોનાં પણ અનેક કારણો હોય છે તો રસિકના વિરામોનાં કારણો અનેક હોય ત્હેમાં શું આશ્ચર્ય ? રસિક પથારીમાં પડેલો હતો,–અર્ધો બેઠેલો, અર્ધો સૂતેલો. ત્હેના ખોળામાં માથું મૂકી કાન્તા નિશ્ચિન્તપણે સૂઈ ગઈ હતી. પથારીની પાસે મીણબત્તીની દીવી હતી. તે કવિતાના પુસ્તક ઉપર તેમ જ સુન્દરીના મુખ ઉપર પ્રકાશ નાંખતી હતી, અને તેવી જ સમાન દૃષ્ટિથી જોવા રસિકને સૂચવતી હતી. રસિક પણ સૂચનાનો પ્રતિધ્વનિ ન જ આપે એવી શુષ્ક એકાગ્રતાવાળો ન હતો. વિદ્યા ઉપર ત્હેને અનહદ અનુરાગ હતો અને છતાં સંપૂર્ણ વિદ્યાપશુ થઈ શકે એવો સ્નેહદ્રોહી પણ તે ન હતો. કાંઇક દીપના પ્રકાશથી વિશેષ દીપતી સુપ્ત સુન્દરીની શાન્ત સુન્દરતા નીહાળતાં રસિકના કાવ્ય-વાચનમાં વિક્ષેપ પડતો હતો; સુપ્ત સુન્દરીના સુન્દર મુખચન્દ્રે ક્યા રસિકના ઉરસાગરમાં અનેક ઊર્મિઓની ભરતી આણી નથી ? કાંઇક "મ્હારા ખોળામાં નીરાંતે પોતાનું માથું મૂકીને સૂતેલી સ્ત્રીનો સર્વાધાર હું પોતે છું," એ વિચાર વ્હાલના વિલાસમાં ગંભીર જવાબદારીનાં તત્ત્વો

ઉમેરી વાચનમાં વિરામરૂપ બનતો હતો; છે કોઈ એવો સહૃદય કે જે સુપ્ત સુન્દરીની નિર્દોષ મુખાકૃતિના દર્શનથી ન સમજાય એવા સુકુમાર ભાવોથી ઓછો ઓછો ન થઈ ગયો હોય? રસિકની તન્મયતામાં આ વિરામો વિવિધતાનાં તત્ત્વો ઉમેરતા હતા. એક બીજું વિરામકારણ ત્હેમાં પ્રવેશ પામ્યું.

પથારીની એક બાજુએ ઘોડીયું હતું. ત્હેમાં બાળક સૂતું હતું. બાળકને હીંદોળતે હીંદોળતે ગૃહકાર્યથી કલાન્ત કાન્તા પતિના ખોળામાં માથું મૂકી સૂઇ ગઈ હતી. ઘોડીયાની દોરી ત્હેના હાથમાં જ રહેલી હતી કે જેથી બાળક જરા ઠણઠણે તો અર્ધી ઊંઘમાં ને ઊંઘમાં તે હીંચકો નાંખી શકે. ન્હાના બાળકની બીચારી માતા! બાળક ઊંઘે તેટલી વારમાં જેટલી ઊંઘ આવે તેટલી ખરી. આખી રાતની એકસરખી ગાઢ નિદ્રા તો બીચારીના ભાગ્યમાં ન જ હોય. બાળક સ્હેજ ઠણઠણે તો બીચારી સફાળી જાગે, અને આ બધું બાળક માટેના શુદ્ધ, નિઃસ્વાર્થ સ્નેહથી પ્રેરાઇને જ. કાન્તા સૂતી હતી. બાળક ઠણઠણ્યું. રસિક વાંચવાના રસમાં નિમગ્ન થઈ ગયો હતો. બાળક વધારે જોરથી ઠણઠણ્યું. કાન્તા ભર ઊંઘમાં હતી. બાળકના ઠણઠણાટે રસિકનું ધ્યાન ખેંચ્યું. વાચનના રસમાં ભંગ પડવાથી જરા ચ્હીડાયો,–અણસમજુ બાળકે ઠણઠણવા માટે કરેલી વખતની અયોગ્ય પસંદગી ઉપર ચ્હીડાયો,–કાન્તાની ઊંઘ ઉપર ચ્હીડાયો,–આખી પરિસ્થિતિ ઉપર ચ્હીડાયો. એ તે વાંચવાનો ચડસ. ઘડીમાં મનુષ્યત્વનું મોજું આવ્યું:—"બાળક બીચારૂં શું સમજે? કાન્તાયે બીચારી કેટલો બોજો સહી શકે? લાવ, હું જાતે હીંચકો નાંખું." આ વિચાર આવે છે ત્યાં પુરૂષત્વનું અભિમાન પ્રવેશ પામ્યું. બાળકો રાખવાં એ તો બૈરાંઓનું કામ. બાળક રડે તો કાન્તાએ જાગવું જ જોઇએ અને હીંચકો નાંખવો જ જોઇએ. કાન્તા વ્હેલી યે જાગશે અને હીંચકો નાંખશે. હું કાંઈ મ્હારા વાચનના રસમાં ભંગ પડવા દેવાનો નથી." સ્ત્રીપુરૂષની સમાનતાના સિદ્ધાન્તનો ઢોળ પ્રસંગ પડયે ટકયો નહિ. જે સમાજની સંકુચિત અને અન્યાયી રૂઢિઓ ઉપર પોતે વારંવાર પ્રહાર કરતો તે સમાજે સ્વીકારેલી સ્ત્રીપુરૂષોનાં કામની વ્હેંચણી ત્હેને અત્યારે ઠીક લાગી. માણસ વસ્તુતઃ કેટલો બધો સ્વાર્થી છે? સુખસંગી છે? અને પોતાનું મનગમતું કરવાને કેવી કેવી ખુબીબંધ દલીલોથી પોતાનું મન મનાવે

છે? બાળક ત્હેના પિતાના સન્દેહની–સંભ્રમની કદર કરી શકે તેવી મનોદશામાં ન હતું. ત્હેણે ફરીથી પોતાના અસ્તિત્વની સાખીની ઉપેક્ષા ન થઇ શકે એવી એકાગ્રતાથી આપી. રસિકના સન્દેહે વધારે મૂર્ત સ્વરૂપ લીધું: 'એને જગાડું કે જાતે હીંદોળું?" બાળક સંદિગ્ધ ન હતું. ત્હેની નિશ્ચયાત્મકતાએ પિતાને પોતાના સન્દેહનું નિરાકરણ તરત કરવા ફરજ પાડી,–અને રસિક પોતે પૂરેપૂરું સમજી શકે તે પ્હેલાં પતિ તથા પિતા ફાવ્યો અને પુરૂષ તથા વિદ્યારસિક હાર્યો.

પાછી ફરીથી રાત્રિ શાન્ત બની.

સુધા*

૧.

નીરવ નિશામાં નિશાકરનાં રજત કિરણ ધારણ કરી લેવાથી નિર્મળ નીલાકાશની અપૂર્વ શોભા થઈ ગઈ છે. આજે પૂર્ણિમા છે. ઋતુરાજના રાજ્યમાં દિગન્તને કમ્પિત કરનાર પપૈયો મધુર સ્વરથી ગાન કરી રહ્યો છે. ચારે દિશા કુસુમોના સુગન્ધથી પરિપૂર્ણ થઇ રહી છે. નિર્જન ગૃહ-કોણમાં બેઠે બેઠે **શશિશેખર** વિચાર કરે છે કે "હું આ શા અન્યાય-કાર્યમાં પ્રવૃત્ત થઈ રહ્યો છું?"

મસ્તક ઉપર **શૈલ**બાલાનું તૈલચિત્ર સુશોભિત છે. ઉપર જોઇને **શશિશેખર** કહેવા લાગ્યો, "**શૈલ**! હજી પણ હું ત્હને ભૂલી શકતો નથી. આ જીવનમાં હું ત્હને કદાપિ ભૂલવાનો નથી. ભૂલવાનો ભાવ પણ હૃદયમાં ઉપસ્થિત નથી હતો. જે પ્રકારે ચિરકાલ મ્હેં ત્હારી આરાધના કરી હતી તે જ પ્રકારે શેષ જીવન પણ ત્હારી આરાધનામાં જ વ્યતીત કરીશ. શું આટલું કરવા છતાં પણ તું મ્હને ત્હારી પાસે નહિ બોલાવી લે?"

તૈલચિત્ર હતું તેવું જ નીરવ રહ્યું. ત્હેની દૃષ્ટિમાં તિરસ્કારની કઠોરતા ન્હોતી; અનાદરનું મૃદુ હાસ્ય પણ વિદ્યમાન ન્હોતું. ત્હેની દૃષ્ટિ સ્થિર અને અચંચલ હતી, પરન્તુ કોઇક અલૌકિક ભાવ ત્હેમાં અજ્ઞાત સ્વરૂપમાં અવશ્ય વિદ્યમાન હતો. **શશિશેખર** એ દૃષ્ટિનો ભાવ જાણી લેવામાં સમર્થ થયો. તે ઉચ્ચ સ્વરથી બોલ્યો, "**શૈલ**! તું મ્હને વૃથા દોષી બનાવે છે. મ્હેં મ્હારી ઇચ્છાથી વિવાહ નથી કર્યો. યદ્યપિ માતાએ પોતાની હઠ પૂર્ણ કીધી, તથાપિ શું ત્હારી આનન્દદાયિની મૂર્તિ હૃદય-મન્દિરમાંથી બ્હાર કાઢવા હું સમર્થ થઈ શકું? કદાપિ નહિ. તું મ્હારા હૃદયની અધિષ્ઠાત્રી દેવી છું. મ્હારા હૃદયમાં સુધાને માટે તિલમાત્ર પણ સ્થાન નથી."

તેવામાં પાછળથી કોઇ કોમલ મધુર સ્વર આવ્યો, " પ્રિયતમ! હું આવું છું."

---

* **બાબુ યતીન્દ્રનાથ સોમની બંગાળી** વાર્તાના **હિન્દી** અનુવાદનું ભાષાંતર.

ઘરમાં ચન્દ્રની ચન્દ્રિકા છવાઇ રહી હતી. પૂર્વોક્ત શબ્દ કહેનારનો દેહ અને ત્હેનું મુખમંડળ મધુર જ્યોત્સ્નાથી દેદીપ્યમાન થઈ રહ્યાં હતાં. શેખરના વિચારમાં ભંગ પડયો. પાછળ ફરીને જુએ છે તો અનિન્દ્ય સ્વરૂપમયી રમણીની મૂર્તિ છે. કમ્પિત કંઠથી શેખર બોલ્યો, "સુધા ! અહીંઆં કેમ આવી છે ? જા, બાની પાસે જા."

નેત્રોને નીચાં કરીને સુધા બોલી, "પ્રભુ ! આજને માટે તો અપરાધિનીને ક્ષમા કરો. ચરણકમલ પૂજવાની આજ્ઞા આપીને આ દાસીને કૃતાર્થ થવા દ્યો."

શેખર ચૂપ રહ્યો. તે પછી સુધાએ હાથમાં આણેલા કંકુથી શેખરના બે પગો રંગ્યા. અનેક દિવસ પછી આજ સુધા સ્વામીને ચરણે પડી. ઉઠીને તે બોલી, "હૃદયેશ ! મ્હારી પૂજા સમાપ્ત થઈ ગઈ. હું જાઉં છું."

સુધા ચાલી ગઈ. ઉંચે જોતો જોતો શેખર અચલ ભાવથી બેસી રહ્યો.

૨

આ બનાવ બન્યે કેટલા યે દિવસ થઇ ગયા, પરન્તુ શશિશેખરના હૃદયનો દુર્દમનીય વેગ કોઈ પ્રકારે શાન્ત ન થઈ શકયો. કેટલી યે નીરવ ભિક્ષાઓથી તથા કેટલી યે કાતર નયનોવાળી દૃષ્ટિઓથી ત્હેના હૃદયપટલ ઉપર કાંઈ પણ પ્રભાવ જામ્યો નહિ. એક જ ચિન્તા—એક જ ભાવનાના કારણથી શેખરનો દેહ જીર્ણ થવા લાગ્યો. જ્યાં સુધી તે આ યાતનાને સહી શકયો ત્યાં સુધી તે ત્હેણે મૂંગે મ્હોંએ સહ્યાં કરી. પરન્તુ જ્યારે આ યાતના અસાધ્ય થઈ ગઈ ત્યારે એક રાત્રે તીર્થરાજ પ્રયાગ તરફ પ્રસ્થાન કર્યું.

તે વખતે કુમ્ભનો મેળો હતો. હજારો યાત્રી, સંન્યાસી પ્રભૃતિ ત્યાં એકત્ર થયા હતા. અનન્ત જનરાશિથી એ મહાતીર્થનું કલેવર આચ્છાદિત થયું હતું. પુણ્યપિયૂષવાહિની જાહ્નવી અને યમુનાનો સંગમ ! યમુનાના કૃષ્ણ જલ સાથે જાહ્નવીના શુભ્ર જલનું મિલન ! એ દૃશ્ય અત્યંત સુન્દર અને મનોરમ હતું.

કેટલાક દિવસ તો શશિશેખરે કોઇને કોઇ પ્રકારે વ્યતીત કર્યાં. નવીન સ્થલ ઉપર નવીન દૃશ્ય જોઇને કોનું હૃદય પુલકિત થતું નથી ?

શેખરે બહુવિધ સંન્યાસીઓની સાથે અહીંઆં ત્યાં પરિભ્રમણ કરીને મનને બહુ સ્થિર કર્યું. પરન્તુ આ સ્થિરતા કેટલા દિવસને માટે હતી? શાન્તિનો ફરીથી નાશ થઇ ગયો. શશિશેખર અસ્થિર ચિત્તથી દેશવિદેશમાં પરિભ્રમણ કરવા લાગ્યો.

૩

સુધાના હૃદયમાં ભાવ ઉઠયો, ' એમને એકવાર ફરીથી જોઉં તો સારૂં. એમનાથી વિયોગ થયે બહુ દિવસ થઇ ગયા. ' એ તૈલચિત્રની સમક્ષ બેઠે બેઠે સુધા કહેવા લાગી, "ભગિની! તમ્હારા જેવી ભાગ્યશાલી સ્ત્રી સંસારમાં ધન્ય છે. તમ્હે પતિના હૃદયમન્દિરમાં સ્થાન મેળવ્યું. હું હતભાગિની છું કે તમ્હારૂં દ્રવ્ય છીનવી લેવા પ્રયાસ કરૂં છું."

સુધા વધારે બોલી ન શકી. નયનમોચિત અશ્રુધારાથી ત્હેનું વક્ષસ્થલ ભીંજાઈ ગયું. સુધા ફરીથી કમ્પિતકંઠથી બોલી, " બ્હેન, હું તમ્હારી વસ્તુ લેવાને ઇચ્છા કરતી નથી, પરંતુ તે અમૂલ્ય રત્નની આરાધના કરવાની ઇચ્છા તો મ્હને અવસ્ય થાય છે જ. શું એ ઇચ્છા પૂર્ણ કરશો?" એટલામાં પાછળથી નણંદે કહ્યું, " ભાભી! કેમ રૂઓ છો? " આંસુ લોહીને સુધાએ ઉત્તર દીધો, " હૃદય જે વ્યથાથી વ્યથિત થઈ રહ્યું છે તે હું કેવી રીતે કહીને સમજાવું? સ્ત્રી હોઇને પણ મ્હારૂં હૃદય વિદીર્ણ થતું નથી? આ કષ્ટથી પત્થર, વૃક્ષ પ્રભૃતિ પણ ફાટી જાય. શું એમના સમાચાર મેળવવાનો કંઈ ઉપાય નથી?" શૈવલિનીએ ધીરેથી કહ્યું, " ભાભી, તમ્હે આ શું કરો છો? ચાલો, આખો દિવસ વીતી ગયો. કંઈ પણ ખાશો કે નહિ? ચાલો, ખાઈ લ્યો. દાદાની ખબર આવી છે. તે આજકાલ વૃન્દાવનમાં છે." ઉત્તેજિત સ્વરથી સુધાએ સુધાવર્ષણ કર્યું, " તમ્હે માતાજીને કહો. હું એમને જોવા જઇશ. " શૈવલિનીએ કહ્યું, " ભાભી, તમ્હે જરૂર ગાંડાં બની ગયાં છો. બે દિવસ પછી દાદા પોતે ઘેર આવી પ્હોંચશે."

સુધા બોલી, " ના, ના, નણંદ! એ કદી પણ નહિ આવે. ચાલો એમને લઈ આવીએ."

" ભલે, એમ હોય તો હું જઇને રવિશેખરને કહું છું. ત્યાં સુધીમાં તમ્હે ચાલો અને ખાઈ લ્યો."

રવિ શશિશેખરનો કનિષ્ઠ ભ્રાતા છે. સુધાએ માત્ર નામનું જ ભોજન કર્યું. સતીનો વિયોગ સ્વામીથી થવાના કારણથી ક્ષુત્પિપાસાથી પણ વિયોગ થઈ જાય છે. આ વિયોગથી સુધાના સુન્દર, લાવણ્યમય દેહની અત્યુજ્જ્વલ કાન્તિ ક્રમશઃ ક્ષીણ થવા લાગી. દેહલતા નિર્જીવ થઈ ગઈ. ત્યારે પુત્રશોકાતુર સાસુએ કહ્યું, " ચાલ, હું ત્હને વૃન્દાવન લઈ જઈશ. હું મ્હારૂં શેષજીવન શ્રીગોવિન્દના પાદપદ્મમાં અર્પણ કરીશ."

શૈવલિની બોલી, " માતા, સારી વાત છે. ચાલો, આપણે સર્વે રવિને સાથે લઇને દાદાને શોધીએ. એ પાછા કહીં ચાલ્યા ન જાય. ભાભી પણ ગાંડા જેવાં થઈ ગયાં છે."

વૃન્દાવનને માટે યાત્રાનું નક્કી થયું. એ દિવસે સ્હાંજે રવિશેખરની સાથે સર્વે પુણ્ય તીર્થ વૃન્દાવન તરફ ગમન કર્યું. જે ગૃહ સદા આનન્દ-લહરીથી મુખરિત હતું તે જ આજ નિબિડ નિસ્તબ્ધતામાં પરિણત થઈ ગયું.

૪

નીલસલીલા સ્વચ્છ યમુના આજ નીરવ સ્વરથી વહી રહી છે. પરન્તુ હાય ! એ બંસરીનો સ્વર નથી તેથી આજે યમુના ઉદાસ થઇને વહી રહી છે. જે બંસરીનો શબ્દ સુણીને ગૃહવાસિની ગોપિકાઓ ઉદાસ થઈ જતી હતી, હાય યમુને ! ત્હારા તટ ઉપરથી એ બંસરીનો સ્વર ક્યાં ગયો ? અને, આજ મહામાયા રાધારાણી ક્યાં ? વૃન્દાવનમાં જો કે ત્હારૂં સર્વ કંઈ છે, પરન્તુ એ મોહનમુરલી નથી. યમુને ! શું એ વિરહથી તું સૂકાઈ ગઇ છે ? કેટલી ગોપિકાઓની તપ્ત અશ્રુધારાઓ ત્હારા જલમાં મળી ગઈ છે એ કોણ કહી શકશે ?

વૃન્દાવનની પાસે તમાલવન છે. એ વનનું દૃશ્ય અતિમનોરમ છે. સુન્દર નૃત્યથી મયૂરોએ આ વનની શોભાને બહુ વધારી દીધી છે. આ વનના મધ્યમાં એક પર્ણકુટીમાં બેઠેલા બે સંન્યાસી કથોપકથન કરી રહ્યા છે.

અચ્યુતાનન્દે કહ્યું, " વત્સ ! તું ઘેર જઇ આવ. કઠોર કર્તવ્ય કરવાનું હજી ત્હારે માટે બાકી છે. હજી કર્મયોગ પાળવો એ ત્હારૂં કર્તવ્ય છે. જ્ઞાનયોગનો ત્હને હજી અધિકાર નથી."

બીજા સંન્યાસીએ કહ્યું, " પ્રભો ! ઘરમાં મ્હને શાન્તિ મળતી નથી. હું જ્ઞાનદ્વારા શાન્તિલાભ મેળવવા ચાહું છું."

અચ્યુતાનન્દ ગોસ્વામીએ હસતે હસતે કહ્યું–" વત્સ ! નયન ખોલીને જો. ત્હારી સંમુખ કેટલું બધું કર્તવ્ય કરવાનું પડયું છે. પુત્રશોકાતુર માતા સન્તાનના આગમનની પ્રતીક્ષા કરી રહી હશે અને ત્હારા પથ ઉપર એકીટશે નજર રાખી રહી હશે. દીર્ઘ વિયોગથી વ્યાકુલ પતિગતપ્રાણા સતી સ્વામીના દર્શનની લાલસાથી પ્રાણ ધારણ કરી રહી હશે. વત્સ ! અન્ધ ન થા. ત્હારી વાસના હજી બલવતી છે. જા, ગૃહધર્મનું પાલન કર. ધીરે ધીરે શાન્તિ પ્રાપ્ત કરી શકીશ. "

આમ કહીને તે મહાપુરૂષ ત્યાંથી ચાલી ગયા. ધ્યાનસ્તિમિતલોચન શશિશેખરના હૃદયમાં નાના પ્રકારની ચિન્તાઓ ઉત્પન્ન થવા લાગી.

૫

જેવી રીતે ઘણુંખરૂં જોવામાં આવે છે તેમ ઘરથી બ્હાર નીકળવા છતાં શશિશેખરની અસ્થિરતા વધતી ગઇ. શાન્તિલાભની આશાથી એ જેટલો દૂર ગયો તેટલો જ શાન્તિનો અભાવ એ અનુભવ કરવા લાગ્યો. શાન્તિની આશામાં શેખર કઠોર આત્મસંયમનો અભ્યાસ કરવા લાગ્યો, પરન્તુ મનોરથ સફલ ન થયો.

શેખરનું હૃદય શૂન્ય હતું. એણે સ્વપ્નમાં જોયું કે કોઈ એના ચરણ નયનાશ્રુથી ધોઈ રહ્યું છે. કેટલી યે વાર મના કરવા છતાં તે માનતું નથી. પગે પડીને તે લોટયાં કરે છે. શેખર ત્હેને ઉઠાડવા ચાહે છે, પરન્તુ ઉઠાડી શકતો નથી. વૃન્દાવનમાં નિવાસ કરતે કરતે શેખરને ઉન્માદ થઈ ગયો. ત્હેના હૃદયની જ્વાલા વધારેને વધારે વધવા લાગી. એ જ કારણથી તે અચ્યુતાનન્દ ગોસ્વામીનો શિષ્ય થઈ ગયો. તેથી ત્હેને કેટલોક સમય શાન્તિ મળી હશે તે વાચક પોતે જાણી શકે તેમ છે. આજ આખો દિવસ કલાન્તિથી પીડિત હોવા ઉપરાંત શેખર આ સમયે ગંભીર નિદ્રામાં નિમગ્ન છે, પરન્તુ નિદ્રાદેવી પણ ત્હેના મનમાં શાન્તિ સ્થાપવા અસમર્થ નીવડી. શેખરે એક વિચિત્ર સ્વપ્ન જોયું.

* * * *

શૈલે કહ્યું, " હવે કેટલા દિવસ આમ અશાન્તિથી પીડાશો ? જાઓ, સુધાને લઇને સુખમાં જીવન વ્યતીત કરો. "

શેખરે કહ્યું, "શૈલ! ત્હને છોડીને ભલા હું કેવી રીતે સુખી થઈ શકું?"

શૈલ બોલી, "સ્ત્રીઓ સ્વાર્થપર નથી હોતી. મ્હારો દેહાન્ત તો અવશ્ય થઈ ગયો છે, પરન્તુ હું તમને દુઃખી થવા નહિ દઉં. એથી જ મ્હેં તમને સુધાનો હાથ સોંપ્યો છે."

શૈલ અદૃશ્ય થઇ ગઇ. કિન્તુ ફરીથી પણ એ જ દૃશ્ય કોઈ નયનાશ્રુથી પદયુગલ ધોઈ રહ્યું છે, પ્રેમપરિપૂર્ણ હૃદયથી પદતલમાં લોટી રહ્યું છે. શશિશેખર ચમક્યો. તે ઉચ્ચ સ્વરથી બોલી ઉઠ્યો, "સુધા! સુધા! ત્હેની નિદ્રા ભંગ થઈ ગઈ. ત્હેણે જોયું કે ખરેખર ત્હેના પગ કોઇ નયનાશ્રુથી ધોઇને ચાલી ગયું છે.

૬

ચિન્તા કરતે કરતે શશિશેખરનો દેહ ભસ્મ થવા લાગ્યો. તે વિષમજ્વરથી પીડાવા લાગ્યો. અચ્યુતાનન્દ સ્વામી ત્હેની સેવાસુશ્રુષા કરવા લાગ્યા. શેખરની માતા અને પત્ની એને આ અવસ્થામાં જોઇને ચિન્તામાં પડશે તે કારણથી સ્વામીજીએ ત્હેમને આની ખબર ન આપી. કિન્તુ જ્વરપ્રકોપ જ્યારે ઉત્તરોત્તર વધવા લાગ્યો ત્યારે તેઓ ત્હેમને લાવવાના નિશ્ચય ઉપર આવ્યા.

પતિગતપ્રાણા સુધા સ્વામીના પગની પાસે બેઠી બેઠી અહર્નિશ સ્વામીની સેવાશુશ્રુષા કરતી હતી. આહારનિદ્રાનો પરિત્યાગ કરીને સાધ્વી સુધા શ્રીમાધવના ચરણારવિન્દમાં પ્રાર્થના કરતી હતી, "પ્રભુ! મ્હારા સ્વામીની રક્ષા કરો."

કેટલી યે નીરવ રજનીઓ વ્યતીત થઈ ગઈ, પરન્તુ શેખરની અવસ્થામાં કંઈ પણ પરિવર્તન ન થયું. જ્વરની જ્વાલાથી તે લવવા લાગ્યો, "મ્હારૂં જીવન આજ શેષ થવા ચાહે છે; મ્હને તમ્હારી પાસે બોલાવી લ્યો." માતા અને સુધા છાનાંમાનાં રોવા લાગ્યાં. અચ્યુતાનન્દે કહ્યું, "તમ્હેં અધીરાં ન થાઓ. તમ્હેં અધીરાં થશો તો રોગીની અવસ્થા આથી પણ વધારે બગડશે." ત્યાર પછી બહુ કષ્ટથી ત્હેમણે આત્મસંવરણ કર્યું, પરન્તુ હૃદયમાં શાન્તિ ન થઇ.

શેખરની અવસ્થા ક્રમશઃ બગડવા લાગી. કોઈ કોઈ વખત તે પ્રેમની સ્થિર દૃષ્ટિથી સુધાના મુખમંડલ તરફ જોઈ રહેતો. એક દિવસ તે

બોલી ઉઠયો, "શૈલ ! મ્હારી પાસે આવી છું ? ચાલ, પ્રાણેશ્વરી ! આપણે બન્ને હાથ ઉપર હાથ રાખીને અનન્ત પથ ઉપર જઇએ. મ્હને કોઈ અટકાવી શકે તેમ નથી." નિદારૂણ શોકયાતનાના કષ્ટથી સુધા રડી પડી. એના રૂદનનું શ્રવણ થવાથી શેખરને જ્ઞાન થયું. તે કહેવા લાગ્યો, "સુધા ! તું રોઉ છું ? રડીશ નહિ. ત્હારાં તપ્ત અશ્રુજલથી મ્હારા હૃદયને સંતપ્ત ન કર. મ્હને જવા દે. આ જીવન ત્હારી સાથે વ્યતીત થઈ શકશે નહિ. જો મરણ પછી ફરીથી જન્મ થશે તો તો મ્હારૂં ને ત્હારૂં મિલન થશે. ત્યારે હું ત્હને અને શૈલને લઈને સુખી થઈશ." એટલું કહીને શેખર નિઃસ્વર થઈ ગયો. રડતી કકળતી સુધા પાસે મૂર્ચ્છિત થઈને પડી.

૭

અનેક નિદ્રાહીન રાત્રો તથા અનેક અનશન કિલષ્ટ દિવસોના કારણથી સુધાની દેહલતા નિર્જીવપ્રાય બની ગઈ. સુધાની મૂર્ચ્છા દૂર થઈ, પરન્તુ સમય સમય પર ત્હેને મૂર્ચ્છા આવ્યાં કરતી હતી. એક દિવસ શશિશેખરના વ્યાધિએ પ્રબલ રૂપ ધારણ કર્યું. અચ્યુતાનન્દે કહ્યું, "માતા ! ચિત્ત સ્થિર કર. આજે ત્હારી કઠોર પરીક્ષાનો દિવસ છે. ભગવાન્ ગોવિન્દના પાદપદ્મમાં આત્મસમર્પણ કર." શોકાતુર માતા ધૂળમાં લોટતે લોટતે ઉચ્ચ સ્વરથી રૂદન કરવા લાગી. રોવાથી શેખરની રોગનિદ્રા ભંગ થઈ. ત્હેનાં નેત્રો અશ્રુપૂર્ણ થઈ ગયાં. ત્હેણે કહ્યું, "બા, રોઇશ નહિ. અપરાધી પુત્રને ક્ષમા કર. પદધૂલિ આપ. આશીર્વાદ આપ. મ્હારો સમય પૂરો થઈ ગયો છે. હું જાઉં છું." ઘોર વિકારના પ્રકોપમાં શેખરે જોયું કે શૈલ અંગુલીના સંકેતથી ત્હેને બોલાવી રહી છે. ઉચ્ચ સ્વરથી તે બોલી ઉઠયો, "શૈલ ! હું આવું છું." તે દિવસ રાત્રિ સમાપ્ત થતાં શેખરનું પ્રાણપક્ષી પિંજરમુકત થઈને ઉડી ગયું. બાલિકા સુધા મૃત સ્વામીના પગ પાસે મૂર્ચ્છિત થઈને પૃથ્વીપર પડી.

* * * *

આ પછી વૃન્દાવનમાં બહુ દિન વ્યતીત થઇ ગયા. માતા અને સુધાએ વૃન્દાવનમાં અચ્યુતાનન્દ સ્વામીના આશ્રમનો પરિત્યાગ ન કર્યો. શેખરની માતાએ માધવના પાદપદ્મમાં યથાર્થ આત્મસમર્પણ

કરી દીધું. એ જ આત્મસમર્પણના કારણથી હેણે નિદારૂણ પુત્રશોક ઉપર જયપ્રાપ્તિ કરી. જ્યારે મનુષ્યનું ચિત્ત ભગવાનના પાદપદ્મમાં આકૃષ્ટ થઈ જાય છે ત્યારે હેને પાર્થિવ શોક વ્યાકુલ નથી કરી શકતો. અને બાલિકા સુધા ! હાય ! તે હેમાંગને આજે શુભ્ર વસ્ત્ર શોભા આપી રહ્યું છે. આ હૃદયવિદારક દૃશ્ય છે,—આ દૃશ્ય સંસારના તરફ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.

સુધા પ્રતિમુહૂર્ત નિજ જીવનના શેષ દિનોની પ્રતીક્ષા કરી રહી હતી. સુધા જાણી ગઈ હતી કે પ્રેમ અવિનશ્વર છે. મૃત્યુની પછી પણ પ્રેમનો નાશ થતો નથી,—પ્રેમ સ્વર્ગમાં પણ મળે છે. આકાશ તરફ હાથ કરીને તે બોલી, “ હૃદયેશ ! પ્રાણવલ્લભ ! પ્રાણજીવન ! તમ્હેં બહુ દૂર હોવા છતાં મ્હારા હૃદયથી દૂર નથી; હું આ હૃદયમન્દિરમાં ચિરદિન તમારી પૂજા કરીશ. મ્હારે બીજો દેવ નથી; મ્હારા દેવ તમ્હેં જ છો. જો સાધનાની જીત થશે તો મ્હારૂં જીવન શેષ થયા પછી તમ્હારી સાથે અવશ્ય મિલન થશે. હે પ્રિયતમ ! તે સમય તમ્હેં મ્હને ફરીથી તમ્હારા ચરણોથી પાછી ન ઠેલશો. ”

૫

મિલન.*

૧

રાધિકાકાન્ત મુકરજીના ઉદ્યોગથી બ્રાહ્મ મહાવિદ્યાલય જ્યારથી ઉઘડયું છે ત્યારથી કાનપુરનાં બાલકો અને બાલિકાઓને ત્યાં સાથે સાથે ભણવાનો સ્વર્ગીય આનન્દ મળવા માંડયો છે. બાલિકાઓ અને બાલકોનો પ્રેમ પણ કેવો નિર્મલ છે? એમાં સ્વાર્થનો ગન્ધ પણ નથી; ઇન્દ્રિયસંભોગજન્ય સુખ લેશમાત્ર પણ નથી. એ નિર્મલ પ્રેમ છે; એ શુદ્ધ પ્રેમ છે; એમાં પ્રેમ સિવાય બીજું કાંઈ નથી. પરંતુ, અભાગી ભારતના વિદ્યાર્થીઓના જીવનમાં એ પ્રેમ હતો નથી. તેથી તે મ્હોટા થયા પછી શુદ્ધ પ્રેમ વિનાના રહી જાય છે. તેઓ શુદ્ધ પ્રેમનું અનુમાન પણ કરી શકતા નથી. એ મ્હોટા સંતાપની બાબત છે.

પૂર્વોક્ત મહાવિદ્યાલયમાં ત્રીસ છોકરાઓ અને તેટલી જ છોકરીઓ છે. ત્હેમાં એક છોકરો રામાનન્દ પણ છે. એ ગજબ ચાલાક છે. ચોપડી ગોખતાં એને કોઇએ કદી પણ દીઠો નથી, પરન્તુ પરીક્ષાના પરિણામને દિવસે સર્વે ત્હેનું જ નામ પ્હેલું સાંભળે છે. રામાનન્દ અને મોહિની, જે પંડિત દેવધર એન્જીનિઅરની ફક્ત એકની એક છોકરી છે, તે બન્ને સાથે ભણવા આવે છે અને સાથે જાય છે. બન્ને એક જ વર્ગમાં છે. પોતાના વર્ગમાં રામાનન્દ હમેશાં પ્રથમ અને મોહિની દ્વિતીય રહ્યાં કરે છે. તે વખતે ત્હેની ઉમ્મર દશની અન્દર છે. રામાનન્દ ગરીબ બાપનો દીકરો છે. જો કે ત્હેના શરીર ઉપર રેશમનો કોટ કે પગમાં ડૉસનનાં બૂટ કોઇએ દેખ્યાં નથી, પણ ત્હેનો કોટ કે હિન્દુસ્તાની જોડા મેલા કે ફાટેલા કોઇએ દીઠા નથી. રામાનન્દના પિતા બહુ ઇમાનદાર છે. કૉમિસેરિએટમાં તેઓ નોકર છે. પોતાના એકના એક પુત્ર રામાનન્દની બુદ્ધિપ્રખરતા જોઇને પરમેશ્વરનો તેઓ ઉપકાર માને છે અને પોતાના ભવિષ્યનું ઉજ્જ્વલ ભાગ્ય ધ્યાનમાં લાવીને બહુ સુખી થયાં કરે છે.

---

* હિન્દી ઉપરથી, સરસ્વતી, ૧૯૧૫, સેપ્ટમ્બર, પૃ૦ ૧૫૯—૧૬૪.

ત્રણ વર્ષ વીતી ગયાં. જૂનનો મહિનો છે. અલ્હાબાદ વિશ્વવિદ્યાલયની પરીક્ષાના પરિણામની ઇંતેજારી થઈ રહી છે. વિદ્યાલય બન્ધ છે. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી પોતપોતાને ઘેર ચાલ્યા ગયા છે, પરન્તુ જે જ્યાં હોય ત્યાં તે ગેઝેટની રાહ જુએ છે. રામાનન્દ અને મોહિનીએ પણ પ્રવેશપરીક્ષા આપી છે, પરન્તુ એ બન્નેને પરીક્ષાનું પરિણામ જાણવાને કોઇએ કદી પણ વ્યગ્ર દીઠાં નથી. રામાનન્દ રોજ સ્હાંજે મોહિનીને બંગલે જાય છે અને ત્હેની સાથે કાવ્યાલોચના અને સાહિત્યચર્ચા કર્યાં કરે છે. રામાનન્દ શહેરમાં રહે છે. મોહિનીના પિતાને ૧૨૦૦ રૂપૈયાનો માસિક પગાર મળે છે. તેથી તે શહેરની બહાર એક મ્હોટા બંગાલામાં બડા ઠાઠથી રહે છે. મોહિની કોઈ કોઈ વખતે પોતાની સાઇકલ ઉપર રામાનન્દને ત્યાં આવ્યાં કરે છે, પરન્તુ ત્હેનું આવવું પ્રાસંગિક છે ને રામાનન્દનું રોજનું છે.

૧૧ મી જૂનને દિવસે ત્રીજે પ્હોરે રામાનન્દ પોતાની ઓરડીમાં બેસી હિન્દી ભાષાની એક કવિતા વાંચતો હતો એટલામાં સાઈકિલની ઘંટડીનો અવાજ એને કાને પડયો. રામાનન્દનું મકાન સડક ઉપર હતું. સ્હવારથી સ્હાંજ સુધી સેંકડો સાઈકિલો એ સડક ઉપર નીકળતી હતી. એની ઘંટડીના ટનટનાટથી તે કદી કદી ગુસ્સે થઈ જતો. પરન્તુ આજની ઘંટડીનો અવાજ ત્હેની પોતાની હૃદયતંત્રીના અવાજ સાથે એવો મળી ગયો લાગ્યો કે ત્હેનું ચિત્ત એકદમ એ મૃદુ–મધુર ટનટનાટથી વધારે ખેંચાયું. આ વાતના લખવામાં અને વાચકોના વાંચવામાં જરૂર બેચાર સેકન્ડ લાગશે, પરન્તુ માનસિક જગતમાં એ ક્રિયા સેકન્ડના કેટલા હજારમા હિસ્સામાં બની ગઇ ત્હેનો નિર્ણય કરવો મુશ્કલ છે. જ્યારે રામાનન્દે જોયું કે એ સાઈકિલ પોતાના જ બારણા આગળ ઉભી રહી ત્યારે તો ત્હેની ઉત્કંઠા એથી પણ વધારે વધી. અવાજથી એણે જાણી લીધું કે એ મોહિની સિવાય બીજું કોઈ નથી. એટલામાં મોહિની ઓરડીમાં દાખલ થઈ.

"કેમ મોહિની, મજામાં? અત્યારે કેમ તસ્દી લીધી?"

"રામાનન્દ, બહુ શુભ સમાચાર સંભળાવવાને આવી છું. પરન્તુ બદલામાં શું આપશો? પ્હેલાં એ કહો તો સંભળાવું."

"મોહિની, બદલામાં મુજ ગરીબની પાસ એવું શું છે કે જે તમને લક્ષ્મીસ્વરૂપિણીને હું ભેટ કરૂં? મ્હારૂં આ શરીર અને મન પણ—"

વાત સમાપ્ત થઈ ન્હોતી ત્યાં તો મોહિનીએ તારનું એક પરબીડીયું રામાનન્દના હાથમાં મૂક્યું અને સ્ત્રીજનસુલભ ભાવથી કહ્યું, " લ્યો વાંચો. "

રામાનન્દે તાર પરબીડીયામાંથી કાઢી વાંચ્યો. ત્હેમાં લખ્યું હતું:—

અલ્હાબાદ,

રામાનન્દ અને મોહિની પ્હેલે અને બીજે નંબરે મૅટ્રિક્યુલેશનમાં પાસ થાય છે. મ્હારાં હૃદયપૂર્વક અભિનન્દન.

રાધા કૃષ્ણ.

તાર વાંચી રામાનન્દે કહ્યું,

" તમને અભિનન્દન આપું છું. "

મોહિનીએ હસતે હસતે જબાબ દીધો,

" અને તમને પણ. "

તે પછી ઘણીવાર સુધી તે બન્ને જણે પોતાની કૉલેજશિક્ષા વિષે વાતચીત કરી.

૨.

" મ્હારે મન કંઈ ઓર છે, કર્તાને મન ઓર."

રામાનન્દ અને મોહિની સાથે સાથે કૉલેજમાં ભણવાનાં સ્વપ્ન કરી રહ્યાં હતાં એટલામાં તો રામાનન્દના પિતાને બંગાળા જવાને માટે જરૂરી હુકમ મળ્યો. રામાનન્દને છોડીને પંડિત શિવાનન્દ જવાનું પસંદ ન્હોતા કરતા. ભણવાને માટે પણ સન્તાનને પોતાની આંખથી દૂર ન કરવાના હિન્દુસ્તાની મોહમાં તેઓ ઝકડાયલા હતા. રામાનન્દે આ સમાચાર પોતાની બાલપણની સહપાઠિની મોહિનીને સંભળાવ્યા ત્યારે તે અવાક્ થઇ ગઇ. અન્તમાં એ બે જે આજ સુધી મળ્યાં કરતાં હતાં તેઓ જુદાં પડ્યાં અને એની વચમાં સેંકડો ગાઉનું વ્યવધાન પડ્યું. શિવાનન્દજી કલકત્તામાં એક ખાસ કામ ઉપર નીમાયા. ત્યાં ગયા પછી એમનું ભાગ્ય ઉઘડ્યું. ૫૦ રૂપૈયાના ન્હાનકડા પગારથી એકદમ રૂ. ૧૫૦ નો પગાર થયો. રાય સાહેબનો ખેતાબ પણ ત્હેમને મળ્યો. ત્યાં કલકતામાં એક કૉલેજમાં દાખલ થઇને રામાનન્દે પણ પોતાની પ્રખર પ્રતિભાનો પરિચય હોશિયાર બંગાળી નવયુવકોને કરાવ્યો. મોહિ-

નીના પત્રો રામાનન્દ ઉપર અને રામાનન્દના પત્રો મોહિની ઉપર બરાબર આવ્યા કરતા હતા, પણ કોણ જાણે કેમ એક દિવસ શિવાનન્દ પોતાના પ્રિય પુત્ર રામાનન્દના હાથમાં મોહિનીના પિતા પંડિત દેવધરનો એક પત્ર આપીને એમ કહીને ચાલ્યા ગયા કે " બેટા, આમાં જે આજ્ઞા કરવામાં આવી છે તે પાળવી એ ત્હારૂં કર્તવ્ય છે. "

રામાનન્દે પત્ર ખોલ્યો. એમાં લખ્યું હતું:—

" કેટલાંક ખાસ કારણોને લીધે મોહિની અને રામાનન્દનો પત્ર-વ્યવહાર જારી રાખવાનું મ્હને ઉચિત લાગતું નથી. મ્હેં મોહિનીને મના કરી દીધી છે કે તે રામાનન્દને એક પણ પત્ર ન લખે. તમ્હેં પણ રામાનન્દને આજ્ઞા આપી દેવા કૃપા કરશો કે ભવિષ્યમાં તે મોહિની ઉપર પત્ર ન લખે. મ્હને સંપૂર્ણ આશા છે કે તમ્હારી આજ્ઞાને વેદ-વાક્ય સમજનાર રામાનન્દ હવેથી એક પણ પત્ર મોહિની ઉપર નહિ લખે. "

રામાનન્દ આ લીટીઓ વાંચી સ્તબ્ધ બની ગયો. એનું શરીર ચક્કર ખાવા લાગ્યું. ચૂપ બની જઇને તે આરામ ખુરશી ઉપર પડયો.

આ બનાવ બન્યે ચાર વર્ષ થઈ ગયાં. કલકત્તા વિશ્વવિદ્યાલયની પરીક્ષાઓનાં પરિણામ હમણાં જ જણાયાં છે. **બી. એ.** માં સૌથી પ્હેલું નામ રામાનન્દ ચતુર્વેદીનું છે. વાઇસ ચૅનસેલરે પોતાના ભાષણમાં આ હોશિયાર નવયુવકની પુષ્કળ પ્રશંસા કરી છે. આ પ્હેલો જ પ્રસંગ હતો કે જ્યારે બીજા પ્રાન્તનો નવયુવક કલકત્તા વિશ્વવિદ્યાલયની **બી. એ.** પરીક્ષામાં પ્હેલે નંબરે પાસ થયો હોય.

રામાનન્દ **બી. એ.** થયો એટલે ભારત સરકારે સિવિલ સર્વિસની તૈયારી માટે ત્હેને યથાનિયમ છાત્રવૃત્તિ આપી. પરન્તુ, શિવાનન્દ ન્હોતા ઇચ્છતા કે રામાનન્દ આગબોટ ઉપર પગ મૂકી સામાજિક બન્ધન તોડે. કૅમિસેરિએટના ઉપરીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે ત્હેણે શિવાનન્દને બોલાવ્યા અને ત્હેમને બહુ સમજાવ્યા. ત્હેણે કહ્યું, આમાં તમ્હારે અકારણ હઠ ન કરવી જોઇએ. પુત્રની ઉન્નતિ, ઉપરીનું કહેવું, યુરોપથી આવ્યા પછી પોતાના પુત્રને કલેકટરી મળવાનો લોભ— આ બધી વાતોએ મળીને શિવાનન્દના ભોળા અને ધર્મભાવપૂર્ણ મન ઉપર વિજય મેળવ્યો.

૩

રામાનન્દને હિન્દી ઉપર બહુ પ્રેમ હતો. સમય મળતો ત્યારે હિન્દીના ઉત્તમોત્તમ ગ્રન્થો તે વાંચતો અને સમાચારપત્રોમાં સૌથી પ્હેલો હિન્દીના સમાચાર વાંચતો. હિન્દીની ગરીબીથી તે દુઃખ પામતો. જ્યારે જ્યારે તે બીજી ભાષાઓના ગ્રન્થો વાંચતો ત્યારે ત્યારે હિન્દીની હીનતાને લીધે ત્હેને બહુ સન્તાપ થતો. જે જે સારો ગ્રન્થ તે વાંચતો ત્હેનો આશય હિન્દીમાં ટૂંકાણમાં લખવાની ત્હેને આદત પડી ગઈ હતી આ રીતે લખતે લખતે ત્હની પાસે વીસ નોટો ભરાઇ ગઇ હતી. વિલાયત જતી વખત જરૂરના સામાનની સાથે ત્હેણે હિન્દી પુસ્તકો લીધાં હતાં. રામાનન્દને ખડી બોલીની કવિતા ઉપર વિશેષ પ્રેમ હતો. તે પોતે પણ કવિતા લખતો હતો, પરન્તુ કોઇ પણ પત્રમાં તેની એક પણ પંક્તિ હજી સુધી છપાઈ ન હતી. હા—વ્રજભાષા કે ખડીબોલીનો વ્યર્થ ઝઘડો જ્યારે થયો હતો ત્યારે કલ્પિત નામથી ત્હેણે યુક્તિપૂર્ણ લેખ ખડી બોલીની તરફેણમાં લખ્યા હતા. તે વખતે હિન્દી સાહિત્યસેવકોના મનમાં આ "બાર્હસ્પત્ય"નો પરિચય કરવાની જબરી લાલસા ઉત્પન્ન થઈ હતી. પરન્તુ, રામાનન્દે પ્હેલેથી સંપાદકની સાથે કરાર કર્યો હતો કે ગમે તેમ થાય તો પણ નામ પ્રકટ ન કરવું.

ઈંગ્લંડના સ્વતંત્રતામય વાયુમાં પ્હેલો જ પ્રવેશ કર્યો અને રામાનન્દનું મસ્તિષ્ક દેશહિતના વિચારોથી ભરાઇ ગયું. ત્હેણે એ વાત બહુ સારી રીતે જાણી કે **માતૃભાષાંની ઉન્નતિ વિના દેશની યથાર્થ ઉન્નતિ થવાનો સંભવ નથી.** તેથી જ ત્હેણે પોતાનાં હિન્દી પુસ્તકો કાઢયાં. પછી ત્હેણે જુદા જુદા વિષયો ઉપર પોતે વાંચેલાં અનેક પુસ્તકોના સારાંશ ભિન્ન ભિન્ન લેખો દ્વારા લખવા શરૂ કર્યા. રામાનન્દને બે કામ હતાં. આઈ. સી. એસનાં પાઠ્ય પુસ્તકો વાંચવાં અને હિન્દી લેખ લખવા. અને એ બે કામોમાં લીન રામાનન્દ લન્ડનમાં એવી રીતે રહેવા લાગ્યો કે જાણે કોઇ જંગલમાં રહેતો હોય. થોડા દિવસોના પરિશ્રમથી એણે લગભગ ૨૫ લેખ લખીને તૈયાર કર્યા. એક દિવસ એણે એ બધાનું બંડલ બનાવીને હિન્દીની સર્વોત્તમ માસિક પત્રિકા "વૈજયન્તી"ના સંપાદકને સરનામે મોકલી દીધું. એ લેખો જેવા ક્રમપૂર્વક "ભ્રમર"ના ઉપનામથી "વૈજયન્તી"માં છપાવા

માંડયા. કે તરત જ ત્હેના હજારો નવા ગ્રાહકો વધ્યા. ઘેરઘેર એ લેખો હોંસથી વંચાવા માંડયા. જે વિષયોનું ગુમાન પણ હિન્દી પાઠકોને ન્હોતું એવા શાસ્ત્રીય વિષયો વિષે સુવિસ્તૃત લેખો વાંચીને "હિન્દી—હિતૈષી" "ભ્રમર"ની વિદ્વત્તા, યોગ્યતા, સારગ્રાહિતા અને લેખનચાતુર્ય ઉપર મુગ્ધ થઈ ગયા.

કેટલાક સમય પછી રામાનન્દે એક ન્હાનુંશું ખંડકાવ્ય લખ્યું. ત્હેમાં એણે એક ખૂબ મનોમોહક કથા ખડી બોલીમાં પદ્યબદ્ધ કરી. જે સમયે આ પદ્ય "વૈજ્યન્તી"માં પ્રકટ થયું તે વખતે હિન્દી જગત્‌માં ખળભળાટ મચી રહ્યો. એ કાવ્ય એવા દોષોથી તદ્દન શૂન્ય હતું કે જે દોષોને ખડી બોલીના વિરોધી ખડી બોલીના કાવ્યના કલંકરૂપ ગણે છે. આ કાવ્યના પ્રત્યેક પદ્યમાં–પ્રત્યેક પંક્તિમાં પ્રેમરસ ભર્યો હતો. એવું સરસ કાવ્ય આજ સુધી ખડી બોલીમાં લખાયું ન હતું. સંસ્કૃતમાં કાલિદાસ અથવા જયદેવ તથા હિંદીમાં સુર અથવા તુલસીનાં કાવ્યોની માફક લોકો ત્હેનું પારાયણ કરવા લાગ્યા. મે માસની વૈજ્ય-ન્તીમાં એ કાવ્ય પ્રકટ થયું અને જૂનની વૈજ્યન્તીમાં ત્હેની સમાલોચના પ્રકટ થવા માંડી. સમાલોચનાના લેખકે પણ પોતાનું નામ આપ્યું ન્હોતું. લેખના અન્તમાં "કમલ" લખ્યું હતું. જ્યારે જૂનની વૈજ્યન્તી જુલાઈમાં લંડન પ્હોંચી ને રામાનન્દે પોતાના કાવ્ય ઉપર સુવિસ્તૃત તથા સારપૂર્ણ સમાલોચના વાંચી ત્યારે તે ચકિત થઈ ગયો. એણે જોયું કે એના પોતાના કાવ્યના બારીકમાં બારીક ગુણદોષાંનું વિવેચન સમા-લોચનામાં આબાદ રીતે કર્યું હતું. ત્હેણે એ પણ જોયું કે સમાલોચનાની ભાષા ઘણી પ્રૌઢ, ત્હેનો શબ્દાન્વય બહુ સુન્દર અને ત્હેની આક્ષેપોક્તિઓ અતિશય રસીલી હતી. આ બાબતોએ રામાનન્દના મનમાં, સમાલોચકને માટે પુષ્કળ માન ઉત્પન્ન કર્યું. એણે અત્યંત કૃતજ્ઞતાથી શિર નમાવીને ઈશ્વરનો ઉપકાર માન્યો. એણે કહ્યું, "ઈશ્વરની જ કૃપાથી હિન્દી જગત્‌માં પણ આવા સારા સમા-લોચકો ઉત્પન્ન થવા માંડ્યા છે. આજથી રામાનન્દ ઘણી જ આતુરતાથી વૈજ્યન્તીની રાહ જોવા લાગ્યો, કારણ કે ત્હેના ઉક્ત અંકમાં સમા-લોચનાનો માત્ર પ્રારમ્ભ અંશ જ છપાયો હતો.

૪.

પંડિત શિવાનન્દના આનન્દની સીમા નથી. આજે એમની પાસે સેક્રટરી ઑવ્ સ્ટેટનો તાર લન્ડનથી આવ્યો છે. એમાં એમણે રામાનન્દ સિવિલ સર્વિસની પરીક્ષામાં સર્વોચ્ચસ્થાને આવ્યાની વધાઈ આપી છે. ત્હેને બીજે જ દિવસે ભારત વર્ષનાં બધાં દૈનિક પત્રોમાં રામાનન્દની પ્રશંસા પ્રકટ થઈ. તે પછી તરત જ દૈનિક પત્રોમાં રૉઇટરનો તાર પ્રકટ થયો કે આ વર્ષ સિવિલ સર્વિસ પરીક્ષામાં પાસ થયેલા પ્હેલા ચાર વિદ્યાર્થીઓ ક્યાં ક્યાં નિયુક્ત થશે. રામાનન્દ અલ્હાબાદમાં નિયુક્ત થયો.

વૈજયન્તી–સમ્પાદક પંડિત ભુજંગભૂષણ ભટ્ટાચાર્ય ઘણા યોગ્ય પુરૂષ છે. સાહિત્ય, ઇતિહાસ, અને દર્શનમાં તેઓ એકકા છે. તેઓ સરલ પણ બહુ છે. દેશમાં એમની બહુ ખ્યાતિ છે. વૈજયન્તી પ્રયાગમાં પ્રકટ થાય છે. ભટ્ટાચાર્ય મહાશયનું મકાન શહેરની બહાર એક બાગમાં છે. એ એકાન્ત સ્થાન છે. ત્યાં બેઠે બેઠે ભટ્ટાચાર્ય મહાશય સાહિત્યાલોચના કર્યાં કરે છે. બાગમાં ન્હાનીશી ઑફીસ છે. ત્હેના આગળના ભાગમાં ભટ્ટાચાર્ય મહાશયની ઓરડી છે. તેઓ આરામ ખુરશી ઉપર પડયે પડયે આજનું દૈનિક પત્ર વાંચે છે. ઓરડીમાં એક સંપાદકનું ટેબલ છે. ત્હેના ઉપર અનેક પત્ર, પત્રિકાઓ, અને સમાલોચના માટે આવેલાં પુસ્તકો રાખવામાં આવ્યાં છે. લખવાનો સામાન પણ ત્યાં છે. કાચના ખડીયાઓ ઉપર સાહીનું એક પણ ટીપું પડેલું નથી. હોલ્ડરોનાં નિબ પણ તદ્દન સાફ છે. ડાઘ વગરનો બ્લૉટિંગ પેપર પાસે રાખ્યો છે. આ ચીજો જોઇને માલૂમ પડે છે કે આ સામાન રોજ બદલાય છે અને સાફ કરાય છે. બીજી પેન્સિલો, ચપ્પુ વગેરે પણ છે. વચમાં વિઝિટિંગ કાર્ડ રાખવાની સ્વચ્છ, સુન્દર રકાબી છે. વીજળીની ઘંટીની દોરી ટેબલના એક ખુણામાં બાંધેલી છે. તારીખ બતાવનાર કૅલેન્ડર ઘડીયાળની નીચે લટકી રહ્યું છે. ત્હેની પાસે ભગવતી સરસ્વતીનું તૈલચિત્ર–ઑઇલ પેઇન્ટિંગ–ટાંગ્યું છે. ભટ્ટાચાર્ય ધ્યાનથી સમાચાર વાંચી રહ્યા છે. એટલામાં ઓરડીનું બારણું ઊઘડયું અને સીપાઈ એક કાર્ડ લાવ્યો. કાર્ડ જોઇને ભટ્ટાચાર્યજી તરત બ્હાર

ગયા અને કેટલીક ક્ષણ પછી રામાનન્દનો હાથ પકડીને ઓરડીમાં પાછા આવ્યા.

૫.

હસતે હસતે ભટ્ટાચાર્યજીએ કહ્યું, " આપે આજે મ્હારા ઉપર મ્હોટો અનુગ્રહ કર્યો. "

રામાનન્દે સભ્યતાથી ઉત્તર દીધો, " કેટલા યે દીવસોથી અંહીઆં આવવાનો વિચાર કરી રહ્યો હતો, પરન્તુ આજકાલ કામના બોજાને લીધે વખત નથી મળતો. આજે પણ બહુ મુશ્કેલીથી આવ્યો છું."

ભટ્ટાચાર્ય, " તમ્હારા લેખો અને ખાસ કરીને તમ્હારા સુમધુર કાવ્ય 'મિલન'થી અમ્હારી પત્રિકાની ઘણી પ્રતિષ્ઠા વધી છે. મ્હારી પાસે યથેષ્ટ શબ્દો નથી કે જેથી તમ્હારો હું ધન્યવાદ કરૂં. "

રામાનન્દ–" હિન્દીના સેવાવ્રતમાં આપ અને હું બન્ને વ્રતી છિએ, એટલે કોણ કોનો ધન્યવાદ કરે? કહો, મ્હારા કાવ્યના સમાલોચક મહોદયનો કોઈ બીજો લેખ તો વૈજયન્તીમાં છાપવાને માટે નથી આવ્યો ?

ભટ્ટાચાર્ય–હા, આવ્યો છે. એ કહેતે કહેતે ભટ્ટાચાર્યજી ઉઠ્યા અને ટેબલનું ખાનું ખોલીને લગભગ ૨૦ પૃષ્ઠનો એક લેખ કાઢી લાવ્યા. મોતી જેવા અક્ષરોની શોભા દૂરથી જ દેખીને રામાનન્દનું હૃદય ધબકી ઉઠ્યું.

લેખ રામાનન્દજીના હાથમાં, આપતે આપતે ભટ્ટાચાર્ય બોલ્યા"આ જુઓ, એઓએ લખેલો આ નવો લેખ આવ્યો છે. વૈજયન્તીના આવતા અંકમાં આ અગ્રલેખ થશે. આમાં સમાલોચનાનાં ગૂઢ રહસ્ય બહુ જ સારી રીતે સમજાવવામાં આવ્યાં છે. જરા જુઓ તો ખરા."

રામાનન્દે લેખ વાંચવો શરૂ કર્યો. ભટ્ટાચાર્યે બ્હાર જઇને પોતાના બગીચામાંથી કાંઈક ફળ લઈ આવવાને માટે ધીમેથી પોતાના માળી તેજરામને આજ્ઞા દીધી. લેખનાં હજી તો બે પૃષ્ઠ પણ સમાપ્ત થયાં ન હતાં ત્યાં તો રામાનન્દ એકદમ ચમકયો, " શું આ સાચું છે ? અદ્દ્ભુત વ્યાપાર ! વિલક્ષણ ઘટના !"–એવાં વાકયો ત્હેના મ્હોમાંથી નીકળવા લાગ્યાં. એટલા વખતમાં ભટ્ટાચાર્ય મહાશય ઓરડીમાં ફરી આવ્યા. ત્હેમને જોઇને રામાનન્દે કહ્યું,

"મ્હારાજ, જે રહસ્ય આપે આજ સુધી છૂપાવ્યું હતું, મ્હારા વારં વાર પૂછવા છતાં આપે મ્હને બતાવ્યું ન્હોતું, તે આજ એની મેળે પ્રકટ લઈ ગયું. આશ્ચર્ય તો જુઓ."

ભટ્ટાચાર્યે તરત જ પૂછ્યું, "કેમ, લેખકનું મૂળ નામ તમ્હે જાણી ગયા ?"

રામાનન્દ—"હા, જુઓને" કહીને લેખનું ત્રીજું પૃષ્ઠ ભટ્ટાચાર્યજીને સ્હામે ધર્યું. એમાં એક છબિ હતી અને ત્હેની નીચે લખેલું હતું—

પિતૃતુલ્ય ભટ્ટાચાર્યજીની સેવામાં સાદર સમર્પિત.

મોહિનીબાલા, બી. એસસી.,
પ્રિન્સિપલ, હિન્દુ-ગર્લ્સ-કૉલેજ,
બનારસ.

એ છબિ ઉપર જ ભટ્ટાચાર્યજીએ પોતાને જ હાથે લખ્યું હતું,—

સુપ્રસિદ્ધ 'મિલન' સમાલોચિકા.

કમલ [ની]

રામાનન્દના આનન્દનો આજ પાર નથી. મોહિનીના વિયોગજન્ય દુઃખથી જ ત્હેણે "મિલન" કાવ્ય લખ્યું હતું. ભટ્ટાચાર્યજી બહુવાર પછી મેઘના જેવા ગમ્ભીર અવાજથી બોલ્યા, "ત્યારે શું આપ શ્રીમતી મોહિનીબાલાથી પરિચિત છો ?"

રામાનન્દ આનો ઉત્તર દેવા જતો હતો ત્યાં તો ફરીથી દરવાજો ઉઘડયો અને સીપાઈ એક બીજું કાર્ડ લઈને ઓરડીમાં આવ્યો. કાર્ડ જોઈને ભટ્ટાચાર્યજીનો શુદ્ધ ચ્હેરો સુવર્ણના ખંડ માફક ઝળકી ઉઠયે અને "બે મિનિટ માટે ક્ષમા કરજો" કહીને તેઓ બ્હાર ગયા. કેટલીક ક્ષણ પછી રામાનન્દે મોહિની અને ભટ્ટાચાર્યને ઓરડીમાં પ્રવેશ કરતાં દીઠાં. દેખતાં વાર જ રામાનન્દે મોહિનીને ઓળખી, પરંતુ મોહિનીની અભિજ્ઞાનશક્તિની પરીક્ષા કરવાને માટે વર્તમાનપત્ર હાથમાં લઈને ચૂપચાપ બેશી ગયો. મોહિનીએ રામાનન્દને સાધારણ કોટ અને હિન્દુસ્તાની જોડા પહેરેલો દેખ્યો હતો. તે વખત એ એક સાધારણ વિદ્યાર્થી હતો. પરન્તુ, આજ તો તે સોળે આના સાહેબ બની કોટપાટલુન પહે

રીને આવ્યો હતો. જંગલમાં રહેવાથી ત્હેનું શરીરસંગઠન તથા ચ્હેરાનો રંગ પ્હેલાં કરતાં કાંઈક બદલાયાં હતાં. આખરે, મોહિનીએ ઠોકર ખાધી અને તે બીજી ભટ્ટાચાર્યજીની સ્હામેની ખુરશી ઉપર બેસી ત્હેમની સાથે વાતચીત કરવા લાગી. માનો કે ત્હેણે તો આ સાહેબ બહાદુરને દીઠા પણ નહિ. ભટ્ટાચાર્યજીને બહુ કોમલ સ્વરથી મોહિનીએ કહ્યું,

"મ્હને ક્ષમા કરો. હું પરમ દિવસે સ્હાંજે અંહીંઆં આવી ગઇ હતી, પરન્તુ આપનાં દર્શન આથી પ્હેલાં કરી શકી નહિ."

ભટ્ટાચાર્ય—"બ્હેન, તમ્હે આવ્યાં ત્હેની મ્હને ખબર સુદ્ધાં ન આપી?"

મોહિની—"મ્હને પોતાને જ ખબર ન્હોતી કે આ અઠવાડીયામાં મ્હારે અંહીંઆં આવવું પડશે."

બહુ સ્નેહથી ભટ્ટાચાર્યે પૂછ્યું, "કુશળ તો છો ને?"

મોહિની બોલી, "આપની કૃપાથી છું. પિતાજીની મિલ્કતના વિષયમાં અંહીંઆંના પ્રસિદ્ધ વકિલોની સલાહ લેવા મ્હારે અહીંઆં એકદમ આવવું પડયું છે."

ભટ્ટાચાર્ય—"સમજ્યો."

મોહિનીએ બહુ સ્નેહથી પૂછ્યું, "કહો, કેટલાક મહિનાથી 'ભ્રમર' મહાશયનો લેખ વૈજ્યન્તીમાં નથી પ્રકટ થયો એનું શું કારણ? એમના જેવા લેખક હિન્દી જગત્‌માં બીજા કોઈ નથી. દુઃખની વાત છે કે ત્હેમણે પોતાનું નામ ન બતાવવાને ખાસ આગ્રહ કર્યો છે. નહિ તો એમનાં દર્શન કરી હું ધન્ય થાત."

આ વાકયોની અસર સમાનન્દના શરીરમાં વીજળી સરખી થઈ.

ભટ્ટાચાર્યે કહ્યું, "ને આપના જેવાં સમાલોચિકા પણ હિન્દી સંસારમાં બીજાં નથી એમ કહેવાની મ્હને આજ્ઞા આપશો."

મોહિનીએ માથું નીચું નમાવી કહ્યું, "ઉપકાર માનું છું, ભટ્ટાચાર્યજી. હું તો હિન્દીની એક ક્ષુદ્ર સેવિકા છું."

ભટ્ટાચાર્યે બન્નેના મિલન માટે આ સમય ઉચિત ધાર્યો. ત્હેણે કહ્યું, "હા, આપ 'ભ્રમર'ને મળવા ચાહોછોને? એ પણ હમણાં પ્રયાગમાં આવ્યા છે. આપ મળી લેજો, પરન્તુ આપને પણ આપની

જીદ છોડીને એમને પત્રથી એવી સૂચના આપવી પડશે કે આપ જ એમનાં કાવ્યની સમાલોચિકા, આપના શબ્દોમાં ' કમલ ' અને મ્હારા શબ્દોમાં ' કમલિની ' છો. કેમ, મંજુર છે ?"

મોહિની—પ્રયાગમાં એ ક્યાં ઉતર્યા છે એ તો કહો."

ભટ્ટાચાર્યે હસતે વસતે કહ્યું, "મ્હને બુઢ્ઢાને ઠગવાની વાત ન કરો. જ્યાં સુધી એવો પત્ર લખી આપશો નહિ ત્યાં સુધી આપ ' ભ્રમર'ને મળી શકશો નહિં."

"ક્ષમા કરો, પત્ર લખું છું"—એમ કહીને મોહિનીએ ટેબલ ઉપરથી કાગળકલમ લઇને લખવાનો આરમ્ભ કર્યો. અહીંઆં ભટ્ટાચાર્યે મ્હોં ફેરવીને રામાનન્દની તરફ ભાવપૂર્ણ દૃષ્ટિથી જોયું તો સિવિલ સર્વિસની પરીક્ષામાં પાસ થયેલા ન્યાયમૂર્તિ રામાનન્દ વર્તમાનપત્ર વાંચવાનો ઢોંગ કરી રહ્યા હતા.

બહુ મીઠા સ્વરથી મોહિનીએ કહ્યું, "પત્ર લ્યો."

પત્ર હાથમાં લઇને ભટ્ટાચાર્યે બન્નેની વચમાં ઉભા રહીને મોહિનીને કહ્યું,

"મોહિની, હું તમ્હારો પરિચય અલ્હાબાદના જૉઇંટ મૅજીસ્ટ્રેટ પંડિત રામાનન્દ ચતુર્વેદી, આઈ. સી. એસ., ઉપનામ ' ભ્રમર'ની સાથે કરાવું છું."

પછીથી રામાનન્દની તરફ ફરીને—

"માનનીય મહાશય, હું તમ્હારો પરિચય તમ્હારી સમાલોચિકા વિદુષી મોહિનીબાલાની સાથે કરાવું છું."

આ શબ્દો સમાપ્ત થયા ન થયા ત્યાં તો મોહિની રામાનન્દને ચરણે પડી. રામાનન્દે ત્હેને બહુ સ્નેહથી તત્કાલ ઉઠાડી.

વૃદ્ધ ભટ્ટાચાર્ય એમને માટે ફલાહાર લેવા બ્હાર ગયા.

આ પછી એક અઠવાડીયા બાદ અલ્હાબાદનાં દૈનિક પત્રોમાં નીચે લખેલા આશયની પંક્તિઓ પ્રકટ થઈ.

ભારતવાસીઓનાં મુખ ઉજ્જવલ કરનાર સ્વનામધન્ય મિસ્ટર રામાનન્દ ચતુર્વેદીનો વિવાહ પરમ વિદુષી શ્રીમતી મોહિનીબાલાની સાથે કાલે મ્હોટી ધામધૂમથી થયો. હાઇ કોર્ટના પ્રધાન ન્યાયમૂર્તિ તથા અન્ય

પ્રતિષ્ઠિત ગૃહસ્થો વિવાહમંડપમાં ઉપસ્થિત હતા. ઈશ્વર કરે ને નવદમ્પતી ચિરંજીવી થાય અને દેશનું મંગલ-સાધન કરે.

મોહિનીના પિતાએ કેટલાક લાખની સંપત્તિ મૂકી હતી. ત્હેના ઉપર હકદાર માત્ર મોહિની હતી, પરન્તુ રામાનન્દને મન એ સંપત્તિમાં વધારેમાં વધારે મૂલ્યવાન એ પત્ર લાગ્યો કે જે મોહિનીના પિતાના મૃત્યુ પછી ત્હેમની પેટીમાંથી મળ્યો હતો. એમાં લખ્યું હતું કે—

મોહિની,

જે દિવસથી હું આ નશ્વર જગત્માંથી વિદાય થઈશ તે દિવસે ઘણું કરીને તું આ પત્ર વાંચશે. મ્હારી ખાત્રી છે કે રામાનન્દની સાથે પત્રવ્યવહાર બન્ધ કરવાની જે આજ્ઞા મ્હેં ત્હને આપી હતી તે જાણીને ત્હને અત્યંત દુઃખ થયું હશે. પરન્તુ આજ હું ત્હને કહું છું કે એવી આજ્ઞા કર્યા વિના ત્હારી અને રામાનન્દની વિદ્યાવિષયક ઉન્નતિ અસંભવિત હતી. હવેથી ત્હને આજ્ઞા કરૂં છું કે તું રામાનન્દની સાથે વિવાહ કરીને સુખથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરજે. ઈશ્વર ત્હારી શુભ કામનાઓ સફળ કરે.

ત્હારો સ્નેહભાજન પિતા,

દેવધર.

સ્ત્રીઓના ખાનગી વાંચન માટે બહુ જ ઉપયોગી ગ્રન્થ.

એકવીસ ચિત્રો સાથે.

પતિવ્રતા સતીઓ

આવૃત્તિ બીજી. કિમ્મત રૂ. ૨—૦—૦

વી. પી. તથા પોસ્ટેજ જુદું.

સ્ત્રીઓની ઉન્નતિ સાથે દેશની ઉન્નતિ ને સ્ત્રીઓની પડતી સાથે દેશની પડતી, એ સિદ્ધાંતને અનુસરી સ્ત્રીઓની ઉન્નતિ માટે જુદી જુદી જાતનાં શિક્ષા-સાધનોની જરૂર સ્વીકારીને તેમ જ 'ચારિત્ર'થી મનુષ્ય મોટું થઈ શકે છે અને ચારિત્ર જ મનુષ્યના જીવનને ઉન્નત બનાવી સર્વ સુખ સાધ્ય કરાવે છે. તેથી સ્ત્રીઓને ઉત્તમ પ્રકારનું ચારિત્ર શીખવવાને આ 'પતિવ્રતા સતીઓ' ની યોજના થઈ છે. આ ગ્રંથમાં વેદ, ઉપનિષદો, ભારત, રામાયણ, પુરાણો અને ઇતિહાસોમાં પ્રસિદ્ધ થયેલી પતિવ્રતાસ્ત્રીઓ અને સન્નારીઓનાં બોધકચરિત્રો હોઈ તે દરેક ઘરમાં દરેક નાની મોટી સ્ત્રીઓને અવશ્ય વાંચવા અને વિચારવા યોગ્ય ગ્રંથ છે. ઉપરાંત તેમાં સતી સન્નારીઓનાં ચરિત્રોમાંનાં કેટલાંક બહુ જ સુંદર ચિત્રો પણ આપ્યાં છે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ, નં. ૨.

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કમ્પની,
બુકસેલર્સ ઍન્ડ પબ્લીશર્સ,
મુંબાઈ નં. ૨.